સુવિચાર
ખેડૂતને ધરતી ઉપર, બાળકને માતા ઉપર વિશ્વાસ હોય છે તેમ આપણને સર્જનહાર ઉપર વિશ્વાસ હોવો જોઈએ.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૨/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૦ મહા સુદ–૧૧ વર્ષ : ૧૫ અંક : ૦૫૯

ભાજપનાં કાર્યકર તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ‘‘વસુધૈવ કુટુંબકમ’’નો વિચાર મારા માટે પ્રેરણાસ્ત્રોત રહ્યો છે : મુકેશ સંઘાણી

અમરેલી ખાતે સારહિ તપોવન આશ્રમનું ૧૦ માર્ચે થશે લોકાર્પણ

સુપ્રસિધ્ધ રામાયણી પૂ. મોરારિબાપુનાં કરકમળો દ્વારા સારહિ તપોવન આશ્રમનું કરાશે લોકાર્પણ

ભૂમિપૂજન બાદ માત્ર ૪૦૦ દિવસનાં ટૂંકા સમયમાં સુવિધાસભર તપોવન આશ્રમનું નિર્માણકાર્ય પૂર્ણ

સારહિ યુથ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણીનાં નેતૃત્વમાં સેવાભાવી યુવાનોએ ભારે જહેમત ઉઠાવીને કામ પૂર્ણ કર્યુ

પ્રદેશ ભાજપા પ્રમુખ પાટિલ, કેન્દ્રીય મંત્રી રૂપાલા, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, કૌશિક વેકરિયા સહિતનાં રાજકીય આગેવાનો ઉપસ્થિત રહેશે

અમરેલી, તા. ૧૯

અમરેલીનાં ગાવડકા માર્ગ ઉપર સેવાભાવી સંસ્થા સારહિ તપોવન આશ્રમનાં પ્રમુખ મુકેશ સંઘાણીનાં સ્વપ્નસમા સારહિ તપોવન આશ્રમનું લોકાર્પણ આગામી ૧૦ માર્ચનાં રોજ સુપ્રસિધ્ધ રામાયણી પૂ. મોરારિબાપુનાં કરકમળો ધ્વારા કરાશે. આ તકે કેન્દ્રીય મંત્રી રૂપાલા, પ્રદેશ ભાજપનાં પ્રમુખ સી.આર. પાટિલ, ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણી, નાયબ દંડક કૌશિક વેકરિયા, ઈફકોનાં એમ.ડી. યુ.એસ. અવસ્થી, જિલ્લાનાં ધારાસભ્યો જનક તળાવીયા, જે.વી. કાકડીયા, મહેશ કસવાલા અને હીરાભાઈ સોલંકી પણ ઉપસ્થિત રહેશે.

સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા નિરાધાર તપસ્વિઓ માટે તૈયાર થઈ રહેલ તપોવન આશ્રમનું માત્ર ૧૪ મહિનામાં તૈયાર થઈને પુજય મોરારિબાપુનાં કરકમળો દ્વારા ૧૦ માર્ચ–૨૦૨૪ નાં રોજ લોકાર્પણ થવા જઈ રહ્યુ છે તેમજ રાત્રે ભવ્ય

અનુસંધાન પાના ૬ ઉપર

જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
‘‘અમરેલી એકસપ્રેસ’’ દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

માંતેલા સાંઢની જેમ દોડતા વાહનો સામે રોક જરૂરી

અમરેલી–બગસરા માર્ગ ઉપર રીયલ ટ્રાવેલ્સની બસ પલ્ટી જતાં એક મુસાફરનું કમકમાટીભર્યુ મોત

ઘેટાં–બકરાની જેમ મુસાફરોની હેરફેર બંધ થવી જોઈએ

અમરેલી, તા. ૧૯

બગસરા નટવરનગરમાં રહેતા રમેશભાઈ ગોબરભાઈ માટીયા નામનાં ૩૩ વર્ષિય યુવક લાઠી તાલુકાના ચાવંડ ગામે ભરવાડ સમાજનો સમુહ લગ્નોત્સવ હોય ત્યાં ગયેલ હોય, જયાંથી લગ્નમાં હાજરી આપ્યા બાદ પોતાના ઘરે જવા માટે થઈ પરત અમરેલી આવેલ હતા. બપોરના આશરે અઢી વાગે તેઓ અમરેલીથી બગસરા જવા માટે નાગ

અનુસંધાન પાના ૬ ઉપર

LG BEST SHOP
Life's Good.
EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK On Selected Credit/Debit Card
T&C Apply
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો.99 74 77 23 77

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી તથા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ..
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

નવમી વાર્ષિક પુણ્યતિથિએ
શ્રધ્ધાંજલિ
તમારી સ્મૃતિ અમારા હૈયામાં સદૈવ જીવંત રહેશે, ન વિસરાય તેવું સૌમ્ય વ્યકિતત્વ, માયાળુ, ઉદાર સ્વભાવ, હસમુખો ચેહેરો અમારી નજર સમક્ષ તરવરતો રહેશે.
પરમાત્મા આપના આત્માને ચિરશાંતિ અર્પે એજ પ્રાર્થના...
સ્વ. પ્રિ. એમ.ડી. સીતાપરા સાહેબ
સ્વ. તા. ૧૯-૦૨-૨૦૧૫
લી.
ભરતભાઈ મનજીભાઈ સીતાપરા (ટ્રસ્ટીશ્રી)
શ્રીમતિ વનિતાબેન ભરતભાઈ સીતાપરા
(મેને.ટ્રસ્ટીશ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ - અમરેલી)
વિવેકભાઈ ભરતભાઈ સીતાપરા (ટ્રસ્ટીશ્રી)
શ્રીમતિ હેનાલીબેન વિવેકભાઈ સીતાપરા
તથા સમગ્ર સીતાપરા પરિવાર
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ - અમરેલી તેમજ કોલેજ સ્ટાફ પરિવાર
ઓમનગર-૩, જિ.આઈ. ડી.સી.પાસે, અમરેલી

‘‘નલ સે જલ’’ યોજનાની ગુલબાંગો વચ્ચે ‘‘નલ સે ગંદુ જલ’’ શરૂ

બાબરામાં ખોડિયાર પાર્ક વિસ્તારમાં ગંધાતા પાણીનું વિતરણ

છેલ્લા એક પખવાડિયાથી ગંધાતુ પાણી વિતરણ થતાં સ્થાનિકોમાં રોગચાળાનો ખતરો ઉભો થયો

પાલિકાનાં શાસકો સમક્ષ અનેક વખત રજૂઆત કરવામાં આવી છતાં પરિણામ શૂન્ય

ગટરનું ગંધાતુ પાણી પીવાનાં પાણીની પાઈપલાઈનમાં ભળી જતાં શહેરીજનોની મુશ્કેલી વધી

પાલિકાનાં શાસકો પીવાનું શુધ્ધ પાણી વિતરણ ન કરે તો આંદોલનની ચીમકી

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

બાબરામાં વોર્ડ નંબર ૫ માં આવેલ ખોડિયાર પાર્ક સોસાયટી તેમજ હરભોલે સોસાયટી સહિતની આશરે ચાર જેટલી સોસાયટીમાં છેલ્લા ૧૫ દિવસથી ગંધાતુ અને ડોળુ પાણી વિતરણ કરવામાં આવતા સ્થાનિક રહીશોમાં નગરપાલિકા પ્રત્યે રોષની લાગણી જોવા મળી રહી છે. આ વિસ્તારના રહીશો દ્વારા પાલિકા પ્રમુખ તેમજ કચેરી ખાતે અનેકવાર રજુઆત કરવા છતાં પાલિકા દ્વારા લોકોને પીવાનું શુદ્ધ પાણી મળે તે દિશા તરફ કામગીરી કરવામાં આવી નથી.

આ વિસ્તારના રહીશ અને તાલુકાના કોંગ્રેસના મહામંત્રી બાવાલાલ હિરપરા દ્વારા જણાવ્યું હતું કે, ઘણા દિવસોથી ગટરનું પાણી અહીં પીવાની પાણીની પાઈપ લાઈનમાં ભળી ગયું છે જેના કારણે ભયંકર દુર્ગંધ મારતું અને ડોળુ પાણી આવી રહ્યું છે જે પાણી નથી પીવામાં કે વપરાશમાં ઉપયોગ કરી શકાતો નથી. અહીં પાલિકા પાણી વિતરણ તો કરે છે પણ પીવા અને વપરાશ લાયક નહિ હોવાથી લોકો ગટર વાટે પાણી વેડફી રહ્યા છે.

સ્થાનિક રહીશ બાવાલાલ હિરપરા દ્વારા વધુમાં જણાવ્યું હતું કે, હાલ બેવડી ઋતુના કારણે લોકો બીમાર પડી રહ્યા છે અને જો આ ગટરનું પાણી લોકો પીવામાં ઉપયોગ કરશે અને કોઈ ગંભીર બીમારીમાં સપડાશે તો કોણ જવાબદાર ? તેવા વેધક સવાલ સાથે નગરપાલિકા લોકોના આરોગ્યની ચિંતા કરી ત્વરિત પીવાનું પાણી વિતરણ થતું લાઈનમાં તપાસ કરાવી યોગ્ય કામગીરી કરવામાં આવે તો લોકોને પીવાનું શુધ્ધ પાણી મળી શકે. જો નગરપાલિકા આ બાબત ગંભીરતાથી નહિ લે તો આગામી દિવસોમાં સોસાયટીના તમામ રહીશોને સાથે રાખી પાલિકાનો ઘેરાવ કરવામાં આવશે.

એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

સા.કુંડલાનાં સ્ટેશન વિસ્તારમાં તીનપત્તીનો જુગાર રમતાં પાંચ પત્તાપ્રેમી ઝડપાયા

રૂપિયા ૧૧૩૬૦નો મુદ્દામાલ કબ્જે થયો

અમરેલી, તા. ૧૯

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક એચ.બી.વોરા દ્વારા જીલ્લામાંથી જુગાર રમતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડો કરી કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર, એસ.એમ.સોનીની સુચના અને માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોકકસ બાતમીના આધારે સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં હાથસણી રોડ મહાકાળી ચોકથી મેલડીચોક તરફ જવાના રસ્તે જાહેરમાં હારજીતનો જુગાર રમતા લાલજીભાઈ બચુભાઈ જાદવ, વલ્લભભાઈ ભીખાભાઈ ગેડીયા, સુરેશભાઈ જેન્તીભાઈ રાઠોડ, મહેન્દ્રભાઈ નટુભાઈ ટાંક તથા હિતેષભાઈ નાગજીભાઈ ગેડીયા (રહે. તમામ સાવરકુંડલા) વાળા પાંચ ઈસમોને રોકડા રૂપિયા ૧૧,૩૬૦ સાથે પકડી પાડી, ઝડપાયેલા પાંચ ઈસમો વિરૂધ્ધમાં સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

બાબરા : ઈશ્વરીયા શાળામાંથી કોમ્પ્યુટર સાધનોની ચોરી

બાબરા, તા.૧૯

બાબરાના ઈશ્વરીયા ગામની પ્રાથમિક શાળાની કોમ્પ્યુટર લેબ માંથી યાંત્રિક સાધનોની ચોરી થયાની લેખિત અરજી શાળાનાં આચાર્યે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં આવેલ છે.

વજન કાંટા બનાવવાનાં કારખાનામાં કામ કરતાં યુવકની હત્યાની તપાસ જરૂરી

સાવરકુંડલામાં અઢી વર્ષ પહેલા થયેલ યુવકનાં હત્યા કેસનાં આરોપીઓને ઝડપી લેવા મૃતકનાં પરિવારજનોની માંગ

મૃતક યુવકની બે બાળકીઓ અને તેમનાં વ્હાલસોયા પિતા આવવાના નથી છતાં રાહ જુએ છે

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલામાં આજથી આશરે અઢી વર્ષ પહેલા ભુવા રોડ વિસ્તારમાં આવેલા એક વજન કાંટા બનાવવાના કારખાના નજીક યુસુફભાઈ દિલાવરભાઈ ઝાખરા નામના યુવાનની કરપિણ હત્યા કરેલ હાલતમાં લાશ મળી આવેલ, જેના હત્યારા આજ સુધી કાયદાની પકડની બહાર છે. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન એફ.આઈ.આર નંબર ૧૧૧૯૩૦૫૨૨૧૦ તા. ૧૭/૧૧/૨૦૨૧ ની વિગતો પ્રમાણે સાવરકુંડલા સંધિ ચોક વિસ્તારમાં રહેતા અને કલર કામનું મજૂરી કામ કરતા યુસુફભાઈ દિલાવરભાઈ ઝાખરા પોતાની મોટરસાયકલ જીજે ૪ એવી ૦૯૮૫ લઈને સાંજના સમયે પોતાની પત્નીને કલર કામની મજૂરીના હિસાબની રકમ લેવા જઈ રહ્યો છે એમ કહીને ઘરેથી નીકળેલ જે મોડી રાત સુધી ઘરે પરત નહીં આવતા અને ફોન પણ બંધ આવતા વહેલી સવારે પત્ની નસીમબેને સમગ્ર પરિવારને જાણ કરતા તમામ પરિવારજનો શોધખોળ કરવા લાગેલ તેમાં કોઈ પરિચિત દ્વારા સમાચાર મળેલ કે ભુવા રોડ ઉપર વજન કાંટા બનાવવાના કારખાના પાસે જૂના ગાધકડાના રસ્તે આ યુવાન લોહી લુહાણ હાલતમાં પડયો છે સ્થળ ઉપર તપાસ કરતા આ યુવાનને શરીર ઉપર છરીના અસંખ્ય ઘા મારી મોતને ઘાટ ઉતારવામાં આવેલ. સ્થળ ઉપરથી હત્યામાં વપરાયેલ છરી, મરનારનો મો.નં. ૮૯૮૦૪૬૦૦૯૯ તથા ગાંજો પીવાની ૨ ચલમ, એક લાઈટર, મરનારના સફેદ ચપ્પલ અને બાઈક પણ મળી આવેલ સ્થળ ઉપરની સ્થિતિનું નિરીક્ષણ કરતા આ હત્યા અન્ય જગ્યાએ બેહરહમ રીતે ગળા અને આખા શરીરના ભાગે છરીના ઘા મારી નીપજાવ્યા બાદ ડેડબોડીને આ જગ્યાએ ફેંકી દેવામાં આવેલ હોઈ શકે એવું અનુમાન પરિવારજનોનું હતું.

આ મૃતક યુવાનને નાની બે દીકરીઓ જૈનબ અને જન્નત છે. જેના ઉપરથી પિતાની છત્રછાયા છીનવી લેનારાઓ હજી કાયદાની પકડની બહાર છે. પિતાની લાડકી દીકરીઓ દરરોજ પોતાના પિતાની રાહ જોઈને રડી રડીને પોકારી રહી છે, ત્યારે કોઈ આ બંને નિરાધાર દીકરીઓને જવાબ આપી શકતું નથી.

કહેવાય છે કે કાનુનના હાથ ખૂબ લાંબા હોય છે, તો કાનુનના હાથ કયારે આ હત્યારાઓની ગરદન સુધી પહોંચી શકશે..?

અને એક વિધવા પત્ની, બે બાપ વગરની નિરાધાર દીકરી અને નાના ભાઈને ન્યાય અપાવી શકશે એવો સવાલ સમગ્ર મુસ્લિમ સમાજમાં ઉઠી રહ્યો છે.

ક્રિકેટ ઉપર જુગારનું નેટવર્ક તોડી પાડવા વધારે કાર્યવાહી જરૂરી

સાવરકુંડલાનાં પાનનાં ધંધાર્થીનું જુનાગઢ ખાતે ક્રિકેટ સટ્ટો ઝડપાયાનાં પ્રકરણનાં નામ પ્રકાશમાં આવતા ચકચાર

સ્થાનિક પોલીસે જેસર માર્ગ પર પેટ્રોલીંગ વધારવાની જરૂર

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧૯

જૂનાગઢમાં રહેણાક મકાનમાં ક્રિકેટનો સટ્ટો અને વરલી મટકા, આંકડા રમાડતા બે ઝડપાયા. સ્થળ પરથી રોકડ અને મોબાઈલ સહિત કુલ રૂા.૬૯,૫૪૦નો મુદ્દામાલ જપ્ત.

સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગરની ટીમે જૂનાગઢમાં એક રહેણાંક મકાનમાં ત્રાટકી ક્રિકેટનો સટ્ટો રમતા બે શખ્સોને પકડી પાડયા હતા, જયારે અન્ય ૩૩ શખ્સોના નામ ખુલ્યા હતા. સ્થળ પરથી કુલ રૂા.૬૯,૫૪૦નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો.

સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે પૂર્વ બાતમીના આધારે જૂનાગઢમાં સર્વોદય સોસાયટી જશાપર બી/૧૮ના રહેણાંક મકાનમાં ક્રિકેટનો સટ્ટો રમાતો હોવાથી દરોડો પાડયો હતો. સ્થળ પરથી મકાન માલિક મિતેષ ઉર્ફે ટેમ્પો કિશોરભાઈ અઢીયા અને બ્રિજેશ વિનોદભાઈ પાઘડાર (રહે. બ્લોક નં–૧૫,ખલીલપુર રોડ, વિદ્યાનગર)ની અટકાયત કરી રૂા. ૬૯,૫૨૦ની રોકડ અને બે મોબાઈલ સહિત કુલ રૂા.૬૯,૫૪૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો.

ક્રિકેટનો સટ્ટો રમાડતો મિતેષ વરલી મટકાનો મુખ્ય ધંધાર્થી છે અને ક્રિકેટ સટ્ટા રમાડવાની માસ્ટર આઈડી બનાવી સટ્ટો રમાડનારને મોકલતો હતો. જયારે બ્રિજેશ વરલી મટકા હિસાબના રૂપિયા હેરફેર કરવાનો માહિર હોવાનું પુછપરછમાં સામે આવ્યું હતું. આ ઉપરાંત વિશેષ પુછપરછમાં વિરાટ (સુરેન્દ્રનગર), શાહનવાઝ (જૂનાગઢ), નેહલ (જૂનાગઢ), અબુભાઈ (જૂનાગઢ), જાવીદ (જૂનાગઢ), કિશોર (વાપી–વલસાડ), અપુભાઈ (પુના–મહારાષ્ટ્ર), મુકેશ (આણંદ), નાસીર પઠાણ તકદીર પાનવાળા (સાવરકુંડલા), મોહિન (ધોરાજી), અસલમ મામુ (જૂનાગઢ), મૌલિક (જેતપુર), આસીફ (જૂનાગઢ), સંજય (જેતપુર), ફિરોજ (જૂનાગઢ), આરીફ (જૂનાગઢ), રાકીશ (પુના), સચીન (પુના), બનાભાઈ (વિસાવદર), શૈરામ (પુના), કાળુભાઈ (જૂનાગઢ), કરીમબાપુ (મુંબઈ), ટીનો (જૂનાગઢ), ઈમુભાઈ (જૂનાગઢ), અજીત (જૂનાગઢ), ઈરફાન (જૂનાગઢ), જમનભાઈ (જૂનાગઢ), પિયુષ (જૂનાગઢ), રાજુ (જૂનાગઢ) અને સમીર (જૂનાગઢ)ના નામ ખુલવા પામ્યા હતા. તમામ શખ્સો વિરૂધ્ધ બી ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

સમગ્ર રાજયમાં જાણે સ્ટેટ મોનીટરીંગ સેલની જ જવાબદારી હોય તેમ સ્થાનીક સત્તાવાળાઓને આવી ગેરકાનૂની પ્રવૃત્તિઓ કડક હાથે દાબી દેવાની જાણે કોઈ જવાબદારી જ નથી.

છડેચોક કોઈ પણ અધિકારીની શેહ શરમ રાખ્યા વગર જાણે સમગ્ર અધિકારીઓ પોતાના ખિસ્સામાં હોય તેમ જાણે કાયદાનો કોઈ ડર ન હોય તેમ બેરોકટોક આવી પ્રવૃતિઓ ચાલી રહી છે.

જેસર રોડ ઉપર ઠેક ઠેકાણે આવી અસામાજીક પ્રવૃત્તિઓ કરતા તત્વો જાહેર રોડ ઉપર અડ્ડો જમાવી પડયા પાથર્યા રહેતા હોવાથી આ વિસ્તારમા આવેલ કરિયાણા કે શાકભાજી કે દૂધની દુકાને વસ્તુ ખરીદી કરવા જતી આવતી બહેનોને પસાર થતા ક્ષોભ થાય છે.

જાહેરમા બેફામ ગંદી કોમેંટો કે મોબાઈલ ઉપર અન્યો સાથે જોરશોરથી અસભ્ય ભાષામાં બૂમ બરાડા પાડતા આવા તત્વોને કારણે પસાર થતી મહિલાઓ શરમ અનુભવે છે.

આ તમામ વિસ્તારોમા પેટ્રોલિંગ વધારવાની જરૂર છે અને જાહેરમા કાયદા કાનૂનની તાકાતના થોડા દાખલાઓ બેસાડવાની જરૂર છે.

૪ ઈસમોએ બે બાઈકમાં આવી ધમાલ કરી

લાઠીનાં જરખીયા ગામે પાનની દુકાને સિગારેટ અને માવાનાં નાણા બાબતે બઘડાટી

વેપારી સહિત ૩ વ્યકિતઓને માર માર્યો

અમરેલી, તા. ૧૯

લાઠી તાલુકાના જરખીયા ગામે રહેતા રોહીતભાઈ હરીભાઈ આલગોતર, પારસભાઈ રઘુભાઈ આલગોતર, સાગરભાઈ ગોકુળભાઈ આલગોતર, તથા જયદિપભાઈ આલગોતર નામનાં આરોપીએ બે અલગ અલગ મોટર સાઈકલ લઈ જરખીયા ગામે રહેતા જયદેવભાઈ ડેરની દુકાને જઈ બીસ્ટોલ તથા માવા લઈ પૈસા નહી આપતા જયદેવભાઈ ડેરે આરોપી પાસે પૈસા માંગતા, પૈસા નહી આપી આરોપીએ વેપારીને જેમફાવે તેમ ગાળો આપી જતા રહેલ હતા.

ત્યાર બાદ આ કામના તે જ ગામે રહેતા અક્ષયને આરોપીઓએ માથાના ભાગે હાથમાં પહેરેલ કડાથી મારમારી માથાના ભાગે બે ટાંકા આવે તેવી ઈજા કરી તથા સતીષભાઈ જેઠાભાઈ ડેરને પણ આરોપીઓએ જેમફાવે તેમ ગાળો આપી સતીષભાઈને પણ ઢીકા પાટુથી આડેધડ મુંઢ માર મારી અને માથાના ભાગે માર મારી, દસ ટાંકા આવે તેવી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પક્ષની બેઠકમાં ઠરાવ પસાર થયો

અમરેલી પાલિકાનાં કથિત ભ્રષ્ટાચારને ઉજાગર કરવા કોંગી નગરસેવકોની તૈયારી

લોકસભાની ચૂંટણી સમયે જ થશે રજૂઆત

અમરેલી, તા. ૧૯

અમરેલી નગરપાલિકા દ્વારા તા. ૨૦/૨/૨૦૨૪ ના રોજ બજેટ બેઠક એજન્ડા પ્રક્રિયા સબંધે ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસના વોર્ડ વાઈઝ ચૂંટાયેલ સદસ્ય દ્વારા તેમજ પાર્ટી આગેવાનો દ્વારા આગામી બેઠક સબંધે ચર્ચા વિચારણાના અંતે સૈધ્ધાંતિક વિરોધ કરવાનું અને સતાધિકારી પક્ષ દ્વારા થતી કામગીરીમાં થયેલ ભ્રષ્ટાચારને ઉજાગર કરીને સંબંધીત કચેરી સમક્ષ આવા થતા – થયેલ ભ્રષ્ટાચારની તપાસ માંગણી કરવાની કાર્યવાહી અને તપાસના કામે મળતી વિગત, માહિતી મુજબ સંબધીત સતાધારી પક્ષના પદાધિકારી – અધિકારી વિરૂધ્ધ નગરપાલિકા અધિનિયમ મુજબ ‘‘રીકવરી’’ કાર્યવાહી કરવાની અરજ અહેવાલ કરવાનું ઠરાવેલ છે.

ઘઉંનું મબલખ ઉત્પાદન તો થયું પણ તેમાં ઈયળોએ પ્રવેશ કરી દીધો

હે રામ : ઘઉં પકવતાં ખેડૂતો માટે નવી આફત આવી

જગતાત ગણાતાં ખેડૂતો લોહી-પાણી એક કરીને પાક તૈયાર કરે ને કાં તો ભાવ ન મળે અને નહી તો અવનવી ઈયળો પરેશાન કરે

ઠંડી, ગરમી, વરસાદ વચ્ચે ખેડૂત પરિવાર ખુલ્લા આકાશ નીચે મહેનત કરે પરિણામ ચિંતામય આવે

ખાંભા, બગસરા, બાબરા સહિતનાં વિસ્તારોમાં ઘઉંમાં સીટફલાઈ નામનાં રોગે ઉપાધિ વધારી

ખેડૂત હિતની વાતો કરતી રાજય અને કેન્દ્ર સરકાર કોઈ મદદ કરે છે કે કેમ તે જોવું રહ્યું

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં ચાલું મૌસમમાં રવી પાકમાં ઘઉંના પાકનું મબલખ વાવેતર થયા બાદ ઘઉંમાં પ્રથમવાર સીટફલાઈ નામનો રોગ આવતા ઈયળ આવવાની ઘટના ઘટતા અમરેલી જિલ્લાના જગતના તાત ચિંતાતુર બન્યા છે અને ઘઉં પકવતા ખેડૂતોને હવે માથે ઓઢીને રોવાના દિવસો આવ્યા છે.

ખાંભા તાલુકાના ગીરની વચ્ચે આવેલા ભાડ ગામમાં ઘઉંની ખેતી આ વખતે વધુ પડતી થઈ છે. પણ ઘઉં પકવતા ખેડૂતોને અચાનક ઘઉંની ડુંડીની અંદર ઈયળોએ પ્રવેશ કરતા ખાતર, બિયારણ, મજૂરી સહિતનો ખર્ચ કર્યા બાદ ઘઉં પણ લીલાછમ લહેરાઈ રહ્યા છે.

પરંતુ ઘઉંના પાકમાં આ વખતે પ્રથમ વખત ઈયળો જોવા મળતા 'ખેડુતોની કાળા પરસેવાની કમાણી ઘઉંના પાકમાં સમાણી' જેવો ઘાટ ઘડાયો છે અને ઘઉંનું વાવેતર કરતા ખેડૂતો હવે આ વખતે પછતાઈ રહ્યા છે અને ઘઉંમાં આવેલ ઈયળોથી લીલોછમ છોડ ઉપરથી સુકાઈ જાય છે અને ' ખેડૂતોના મો માં આવેલો કોળીયો છીનવાઈ' જતો હોવાનો વસવસો આ પંથકના ખેડૂતો કરી રહ્યા છે.

ખાંભા ગીરના ભાડ ગામના ખેડુતોએ ઘઉંના વાવેતરમાં ૧૮૦૦ રૂપિયાનું બિયારણ, વાવેતરની મજૂરી, ખાતર સહિતના ખર્ચ કર્યા બાદ, ઘઉં ઉગી નીકળ્યાં હતા. પણ નીચે ડુંડીમાં પ્રથમ વખત ઈયળ ઘઉંમાં જોવા મળતા ખેડૂતો પણ અચરજ અનુભવી રહ્યા છે અને ખર્ચ કર્યા બાદ ઘઉંમાં ઈયળો આવતા સરકાર પાસે સહાયની માંગ ખેડૂતો કરી રહ્યા છે.

ત્યારે અગાઉ ઘઉંમાં કયારેય ઈયળ આવવાની ઘટના અમરેલી જિલ્લામાં નથી ઘટી. પણ આ વખતે ઘઉંમાં ઈયળો આવી જતા જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા ૩૪ હજાર હેકટરમાં ઘઉંના વાવેતરમાં આ વખતે સીટફલાઈ નામના રોગને કારણે ઈયળો આવી છે. જે પાછોતરા વાવેતરને કારણે આવી હોવાનું જિલ્લા ખેતીવાડી અધિકારી જે.કે. કાનાણી જણાવી રહ્યા છે.

બાબરા, બગસરા, ખાંભા સહિતના તાલુકા મથકો ઉપર ઘઉંમાં ઈયળો આવવાની ઘટના ઘટી છે અને વૈજ્ઞાનિકો દ્વારા ઘઉંમાં તપાસ કરી છે અને સીટફલાઈ નામનો રોગ આવવાનું મુખ્ય કારણ પાછોતરૂં વાવેતરનું ખેતીવાડી વિભાગ જણાવે છે. પણ અખાત્રર વાવેતરમાં પણ ઈયળો આવવાની ઘટના ખેડૂતો કહી રહ્યા છે. ત્યારે અગાઉ કમોસમી વરસાદ વેરી બન્યા બાદ ઘઉંમાં ઈયળો આવતા અમરેલી જિલ્લાના ખેડૂતોની કફોડી સ્થિતિ સર્જાઈ છે અને ઘઉં પકવતા ખેડૂતો સરકાર સામે સહાય માટે મીટ માંડી બેઠા છે.

મહિલાએ સાસરિયાઓ વિરૂધ્ધ કરી હતી ફરિયાદ

બાબરા કોર્ટે આઈપીસી ૪૯૮ સહિતનાં કલમનાં આરોપીઓને નિર્દોષ છોડી મુકયા

બચાવપક્ષે એડવોકેટ નરેશ પરમારની દલીલો સફળ

બાબરા, તા. ૧૯

બાબરા કોર્ટે આઈ પી સી કલમ ૪૯૮–ક, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ના ગુનાહમા આરોપીઓને નિદોર્ષ છોડી મુકવાનો હુકમ કરેલ છે.

બનાવની હકીકતો જોવામાં આવેતો આ મુળ ફરીયાદીએ ઘરકામ કરીયાવર બાબતે ગાળો આપી શારીરિક–માનસીક દુઃખ ત્રાસ આપી તેમજ ઢીકાપાટુ થી માર મારી જાનથી નાખવાની ધમકી આપેલ તેવી ફરીયાદ ફરીયાદએ તેમના પતિ તેમજ સાસરીયાઓ વિરુધ્ધ બાબરા પો.સ્ટેશન કરેલી અને સદરુ કેશ બાબરા કોર્ટામાં કેશ નં.૨૮૧/૨૩ થી આરોપી ઓને બાબરા કોર્ટ નિદોષ છોડી મુકવાનો હુકમ તા. ૧૭/૨/૨૪ના રોજ કરેલ છે. આ કામે આરોપીઓના તર્ફે વિ. વકીલ નરેશ જે. પરમારની ધારદાર દલીલો સ્પષ્ટ હોય.

એડવોકેટ નરેશ પરમાર

તળાજાનાં પાદરી સામે એક કાર્યક્રમમાં ગીગાભાઈ ભમ્મરની ટિપ્પણીનાં વિરોધમાં

બાબરાનાં સમસ્ત ચારણ ગઢવી સમાજે મામલતદારને રોષભેર આવેદનપત્ર પાઠવ્યું

સમગ્ર ચારણ ગઢવી સમાજે કાયદેસરની કાર્યવાહીની કરી માંગ

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

લીલીયા, તા. ૧૯

બાબરાનાં સમસ્ત ચારણ ગઢવી સમાજે મામલતદારને રોષભેર આવેદનપત્ર પાઠવેલછે.

આવેદનપત્રમાંજણાવેલછે કે, તળાજા તાલુકાનાં ગામ પાદરી ખાતે તા. ૧૪/૨/૨૦૨૪નાંરોજદેવાયતબોદર સમૂહલગ્ન સમિતિ ધ્વારા આયોજીત ૮માં સમૂહલગ્ન દરમિયાન આ ટીકા કરવામાં આવી હતી. ઉપરોકત પ્રસંગ દરમિયાન ગીગાભાઈ ભમ્મરે ગઢવી ચારણસમુદાયનેનિશાનબનાવીનેઅતિ અપમાનજનક ટિપ્પણી કરી હતી. જેમ વિવિધ સમાજ વચ્ચે ધ્વેશ અને મતભેદ ઉશ્કેરવાના સ્પષ્ટ ઉદેશ્ય સાથે આવા નિવેદનોગઢવીસમુદાયનીલાગણીનેઠેસ પહોંચાડતા નથી પરંતુ સમાજનાં સાંપ્રદાયિકસોહાર્દઅનેશાંતિ માટે પણ ખતરો ઉભો કરે છે. ગીગાભાઈ જીવાભાઈ ભમ્મરનીક્રિયાઓભારતીય દંડ સંહિતની કલમ ૨૯૫/એ ના સ્પષ્ટ ઉલ્લંઘનમાં છે જે ધાર્મિક અથવા સમુદાયની લાગણીઓને ઉશ્કેરવાના હેતુથી ઈરાદાપૂર્વક અને દુસીત કૃત્યને પ્રતિબંધીત કરે છે.

વધુમાં તેમનું ભાષણ ભારતીયદંડસંહિતાની કલમ ૧૫૩/એ અને ૫૦૪ હેઠળ પણ આવે છે જે ધર્મ જાતી, જન્મ, સ્થળ, રહેઠાણ, ભાષા વગેરેના આધારે વિવિધ જુથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન આપવા અને ઉશ્કેરવાના હેતુથી ઈરાદાપૂર્વક અપમાન સાથે સંબંધીત છે. અનુક્રમે શાંતિનો ભંગ ધ્વેશપૂર્ણ ભાષણનો વધુ ફેલાવો અટકાવવા અને સમાજનાં સહિષણુતા અને સાંપ્રદાયીક સૌહાર્દના મુલ્યોને જાળવી રાખવા માટે ગીગાભાઈ ભમ્મર સામે તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તે આવશયક છે. તેમ અંતમાં જણાવેલ છે.

॥ વંદે માતરમ્ ॥
YAMAHA
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

Hero
go BIG go XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

શુધ્ધ ઘીના
અડદીયા
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
HONDA
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
ફેબ્રુઆરી ધમાકા ઓફર
લીમીટેડ સ્ટોક ઉપલબ્ધ....
૨૦૨૩ ના મોડલ પર ભવ્ય ધમાકા ઓફર..
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

આજે વડાપ્રધાન મોદી ઉદ્દઘાટન કરશે

દેશને મળશે ૩ નવી IIM, ૨૦ કેવી અને ૪ નવી IIT-IIS

મોદી વિકસિત ભારત વિકસિત જમ્મુ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વાતચીત કરશે

નવી દિલ્હી, તા.૧૯

દેશભરમાં એજ્યુકેશન અને સ્કિલ બેસ્ડ ઈન્ફ્રા સ્ટ્રક્ચરના અપગ્રેડિંગ અને ડેવલોપમેન્ટની દિશામાં એક જરૂરી પગલાંમાં પ્રધાનમંત્રી લગભફગ ૧૩,૩૭૫ કરોડ રૂપિયાના ઘણા પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કરશે અને શિલારોપણ કરશે. આ પ્રોજેક્ટ્સ સ્વાસ્થ્ય, શિક્ષણ, રેલ, રોડ, ઉડ્ડયન, પેટ્રોલિયમ, નાગરિક માળખાગત સુવિધા સહિત કેટલાંક ક્ષેત્રો સાથે સંબંધિત છે. કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી જમ્મુ અને કાશ્મીરમાંથી ૧૫૦૦ નવી સરકારી ભરતીઓને નિમણૂકના આદેશોનું વિતરણ કરશે. પ્રધાનમંત્રી વિકસિત ભારત વિકસિત જમ્મુ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ સાથે વાતચીત પણ કરશે.

સમગ્ર દેશમાં શિક્ષણ અને કૌશલ્યવર્ધક માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરવા અને વિકસાવવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતાં પ્રધાનમંત્રી આશરે રૂ. ૧૩,૩૭૫ કરોડનાં મૂલ્યનાં કેટલાંક પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે, દેશને સમર્પિત કરશે અને શિલારોપણ કરશે. જે પરિયોજનાઓ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી છે તેમાં આઈઆઈટી ભિલાઈ, આઈઆઈટી તિરૂપતિ, આઈઆઈટી જમ્મુ, આઈઆઈઆઈટીડીએમ કાંચીપુરમનું કાયમી પરિસર સામેલ છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્કિલ્સ (આઈઆઈએસ) – અત્યાધુનિક ટેકનોલોજી પર અગ્રણી કૌશલ્ય તાલીમ સંસ્થા – કાનપુરમાં સ્થિત છે. અને સેન્ટ્રલ સંસ્કૃત યુનિવર્સિટીના બે કેમ્પસ – દેવપ્રયાગ (ઉત્તરાખંડ) ખાતે અને અગરતલા (ત્રિપુરા) ખાતે છે.

પ્રધાનમંત્રી દેશમાં ત્રણ નવા આઈઆઈએમ એટલે કે આઈઆઈએમ જમ્મુ, આઈઆઈએમ બોધગયા અને આઈઆઈએમ વિશાખાપટ્ટનમનું ઉદઘાટન કરશે. તેઓ દેશભરમાં કેન્દ્રીય વિદ્યાલય (કેવી) માટે ૨૦ નવી ઈમારતો અને ૧૩ નવા નવોદય વિદ્યાલય (એનવી) ઈમારતોનું ઉદઘાટન પણ કરશે. પ્રધાનમંત્રી દેશભરમાં કેન્દ્રીય વિદ્યાલયનાં પાંચ સંકુલો, એક નવોદય વિદ્યાલય સંકુલ અને નવોદય વિદ્યાલયો માટે પાંચ બહુહેતુક હોલનું શિલારોપણ પણ કરશે. આ નવનિર્મિત કેવી અને એનવી ઈમારતો દેશભરના વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાતોને પહોંચી વળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

જમ્મુ અને કાશ્મીરનાં લોકોને વિસ્તૃત, ગુણવત્તાયુક્ત અને સંપૂર્ણ તૃતિયક સારસંભાળ સ્વાસ્થ્ય સેવાઓ પ્રદાન કરવાનાં એક પગલાનાં ભાગરૂપે પ્રધાનમંત્રી જમ્મુનાં વિજયપુર (સાંબા)માં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ)નું ઉદઘાટન કરશે. પ્રધાનમંત્રીએ ફેબ્રુઆરી, ૨૦૧૯માં જેનો શિલાન્યાસ પણ કર્યો હતો, એ સંસ્થા કેન્દ્ર સરકારની યોજના પ્રધાનમંત્રી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ સ્થાપિત થઈ રહી છે.

૧૬૬૦ કરોડથી વધુના ખર્ચે સ્થપાયેલી અને ૨૨૭ એકરથી વધુના વિસ્તારમાં સ્થપાયેલી આ હોસ્પિટલ ૭૨૦ પથારીઓ, ૧૨૫ બેઠકો ધરાવતી મેડિકલ કોલેજ, ૬૦ બેઠકો ધરાવતી નર્સિંગ કોલેજ, ૩૦ પથારીઓ ધરાવતી આયુષ બ્લોક, ફેકલ્ટી અને સ્ટાફ માટે રહેણાંકની સગવડ, યુજી અને પીજીના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયમાં રહેવાની સગવડ, નાઈટ શેલ્ટર, ગેસ્ટ હાઉસ, ઓડિટોરિયમ, શોપિંગ કોમ્પ્લેક્સ વગેરે જેવી સુવિધાઓથી સજ્જ છે. અત્યાધુનિક હોસ્પિટલ ૧૮ વિશેષતાઓ અને ૧૭ સુપર સ્પેશિયાલિટીઝમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત દર્દીની સારસંભાળ સેવાઓ પ્રદાન કરશે, જેમાં કાર્ડિયોલોજી, ગેસ્ટ્રો-એન્ટરોલોજી, નેફ્રોલોજી, યુરોલોજી, ન્યુરોલોજી, ન્યુરોસર્જરી, મેડિકલ ઓંકોલોજી, સર્જિકલ ઓંકોલોજી, એન્ડોક્રિનોલોજી, બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી સામેલ છે. ઈન્સ્ટિટ્યૂટ ઈન્ટેન્સિવ કેર યુનિટ, ઈમરજન્સી એન્ડ ટ્રોમા યુનિટ, ૨૦ મોડ્યુલર ઓપરેશન થિયેટર્સ, ડાયગ્નોસ્ટિક લેબોરેટરીઝ, બ્લડ બેંક, ફાર્મસી વગેરે ધરાવશે. આ હોસ્પિટલ આ વિસ્તારનાં દૂર-સુદૂરનાં વિસ્તારો સુધી પહોંચવા ડિજિટલ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ પણ લેશે.

પ્રધાનમંત્રી જમ્મુ એરપોર્ટ પર એક નવા ટર્મિનલ ભવનનો શિલાન્યાસ કરશે. ૪૦,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ નવા ટર્મિનલ બિલ્ડિંગને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે, જે પીક અવર્સ દરમિયાન આશરે ૨૦૦૦ મુસાફરોને સુવિધા પૂરી પાડશે. નવું ટર્મિનલ બિલ્ડિંગ પર્યાવરણને અનુકૂળ હશે અને તે એવી રીતે બનાવવામાં આવશે કે તે આ ક્ષેત્રની સ્થાનિક સંસ્કૃતિને પ્રદર્શિત કરે. તે હવાઈ જોડાણને મજબૂત કરશે, પર્યટન અને વેપારને વેગ આપશે અને આ ક્ષેત્રના આર્થિક વિકાસને વેગ આપશે.

પ્રધાનમંત્રી જમ્મુ અને કાશ્મીરમાં વિવિધ રેલ પરિયોજનાઓ દેશને અર્પણ કરશે, જેમાં બનિહાલ-ખારી-સુમ્બર-સંગાલદાન (૪૮ કિલોમીટર) અને નવા વિદ્યુતીકૃત બારામુલ્લા-શ્રીનગર-બનિહાલ-સંગાલ-સંગાલદન સેક્શન (૧૮૫.૬૬ કિલોમીટર)ની વચ્ચે નવી રેલ લાઈન સામેલ છે. પ્રધાનમંત્રી ખીણમાં પ્રથમ ઈલેક્ટ્રિક ટ્રેનને લીલી ઝંડી પણ આપશે તથા સંગાલદાન સ્ટેશન અને બારામુલ્લા સ્ટેશન વચ્ચે ટ્રેન સેવાને પણ લીલી ઝંડી આપશે.

મહારાષ્ટ્રમાં એનડીએનો સમૂહ વધવાની શક્યતા

રાજ ઠાકરેનો પક્ષ એનડીએ સાથે હાથ મિલાવે એવી શક્યતા

મુંબઈના બીજેપી અધ્યક્ષ આશિષ શેલારે એમએનએસ અધ્યક્ષ રાજ ઠાકરે સાથે મુલાકાત કરી અને ચર્ચા કરી

મુંબઈ, તા.૧૯

મહારાષ્ટ્રમાં નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ)નો સમૂહ વધુ વધી શકે છે. સૂત્રોએ જણાવ્યું છે કે, ટૂંક સમયમાં રાજ ઠાકરેની પાર્ટી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) એનડીએમાં સામેલ થઈ જશે. મુંબઈના બીજેપી અધ્યક્ષ આશિષ શેલારે એમએનએસઅધ્યક્ષ રાજ ઠાકરે સાથે મુલાકાત કરી અને કલાકથી વધુ સમય સુધી ચર્ચા કરી હતી. આ બેઠક બાદ અંદાજો લગાવવામાં આવી રહ્યો છે કે રાજ ઠાકરે ટૂંક સમયમાં મહાયુતિના સાથી બની શકે છે.

રાજ ઠાકરેને ટૂંક સમયમાં દિલ્હી બોલાવવામાં આવી શકે છે. તેઓ અહીં ભાજપના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરશે.

આ અગાઉ ૧૫ ફેબ્રુઆરીના રોજ ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે લોકમતના કાર્યક્રમમાં કહ્યું હતું કે, તમને ટૂંક સમયમાં એ વાતની જાણ થશે કે, રાજ ઠાકરે સાથે આવશે કે નહીં. સમય જણાવશે કે, એમએનએસહવે ક્યાં હશે. રાજ ઠાકરે સાથે અમારી સારી મિત્રતા છે અને અમારી વચ્ચે બેઠકો થતી રહી છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ ૯ માર્ચના રોજ નાસિક શહેરમાં પોતાની વર્ષગાંઠ ઉજવવાનો નિર્ણય કર્યો છે ત્યારે પાર્ટીના અધ્યક્ષ રાજ ઠાકરે રાજ્યભરના પદાધિકારીઓ અને પદાધિકારીઓની સભાને સંબોધિત કરશે. તેમનો ૭ માર્ચના રોજ મોડી સાંજે નાસિક પહોંચવાનો કાર્યક્રમ છે. ૮મી માર્ચે તેઓ પાર્ટીના પદાઅધિકારીઓની બેઠક કરશે. તેઓ સાંજે કાલારામ મંદિરમાં 'આરતી' કરશે. પીએમનરેન્દ્ર મોદી અને શિવસેના (યુબીટી) અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે બાદ રાજ ઠાકરે મંદિરમાં દર્શન અને આરતી કરનાર ત્રીજા હાઈ-પ્રોફાઈલ વ્યક્તિ હશે. એમએનએસશહેર એકમના અધ્યક્ષ સુદામ કોમ્બડેએ જણાવ્યું હતું કે, શહેર એકમ નાસિકથી લોકસભા ચૂંટણી લડવા પર ભાર મૂકશે. જોકે, અંતે તેઓ પાર્ટીના પ્રમુખના આદેશનું પાલન કરશે. કોમ્બડેએ કહ્યું કે, નાસિકના લોકોએ ભૂતકાળમાં પણ ઠાકરે પર પ્રેમ અને આશીર્વાદ વરસાવ્યા છે. અમે ૨૦૧૨ થી ૨૦૧૭ સુધી નાસિક મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તા પર હતા, મેયર પણ પાર્ટીના હતા.

કમલનાથના ભાજપમાં જોડાવાની અટકળોથી ગરમાવો

રાહુલને મળ્યા બાદ કમલનાથ કૉંગ્રેસમાં જ રહે તેવું અનુમાન

કમલનાથે ભાજપમાં જોડાવાનો ઈનકાર કર્યાનો દાવો

નવી દિલ્હી, તા.૧૯

મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને કૉંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથ ભાજપમાં જોડાવા હોવાની અટકળો વહેતી થયા બાદ બે દિવસથી રાજકારણમાં ખળભળાટ મચી રહ્યો છે. જોકે કમલનાથે ગઈકાલે તમામ અટકળોનો જવાબ આપતા કહ્યું હતું કે, 'જો આવું થશે તો બધાને ખબર પડી જશે, પરંતુ મારે હજુ સુધી કોઈની સાથે વાત થઈ નથી.' તેમના આ નિવેદન બાદ તેમણે 'કૉંગ્રેસમાં જ હોવાનો અને ભાજપમાં હું નથી જ જવાનો' હોવાનું ભારપૂર્વક ન કહેતા હજુ પણ કૉંગ્રેસ પર સંકટના વાદળો ઘેરાતા જોવા મળી રહ્યા છે. દરમિયાન તેઓ ભાજપમાં જોડાવા નથી, એવું સૂત્રોને ટાંકીને કહેવાઈ રહ્યું છે. જોકે તેમના પુત્ર નકુલનાથ અને કોંગ્રેસના કેટલાક ધારાસભ્યો ભાજપમાં સામેલ થઈ શકે છે.મીડિયા અહેવાલો અને કેટલીક રાજકીય અટકળો મુજબ કમલનાથની રાહુલ ગાંધી સાથે વાતચીત થઈ છે, જેમાં તેમણે પાર્ટીમાં જ રહેવાનો નિર્ણય કર્યો છે. અગાઉ કૉંગ્રેસના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, 'મારી કમલનાથ સાથે વાતચીત થઈ છે અને તેઓ આવો નિર્ણય લેવાના નથી.' મધ્યપ્રદેશ કૉંગ્રેસ અધ્યક્ષ જીતુ પટવારીએ કહ્યું કે, 'આ બધી અફવા છે અને તે માટે મીડિયા જવાબદાર છે. આ કમલનાથ વિરુદ્ધનું ષડયંત્ર છે. મેં તેમની સાથે વાતચીત કરી છે, જેમાં તેમણે કહ્યું કે, આ અટકળો માત્ર અફવા છે અને તેઓ કૉંગ્રેસના છે અને કૉંગ્રેસના જ રહેશે. તેઓ છેલ્લા શ્વાસ સુધી કૉંગ્રેસની વિચારધારા સાથે કાયમ રહેશે.' જોકે કૉંગ્રેસ તરફથી નકુલનાથ અને કૉંગ્રેસના ધારાસભ્યો અંગે કંઈપણ કહેવામાં આવ્યું નથી. જીતુ પટવારી અને દિગ્વિજય સિંહનું નિવેદનથી અલગ ખુદ કમલનાથે મીડિયાને આપેલા બે નિવેદનો જોઈએ તો સમજાશે કે, કમલનાથે ભાજપમાં જોડાવાની યોજના બનાવી હતી, પરંતુ તે શક્ય ન બની શકે, જોકે આ અટકળો છે. જ્યારે મીડિયાએ કમલનાથને પૂછ્યું કે, શું તેઓ ખરેખર ભાજપમાં જઈ રહ્યા છે, તેમણે કહ્યું હતું કે, 'જો આવું થશે તો તેઓ સૌથી પહેલા મીડિયાને જણાવશે.' તેમના આ નિવેદનથી શું સમજવામાં આવે? તેઓ સ્પષ્ટ કેમ કહી રહ્યા નથી કે, હું ક્યાય જવાનો નથી, આ માત્ર અફવા છે. દિગ્વિજય સિંહે કહ્યું હતું કે, કૉંગ્રેસે તેમને શું નથી આપ્યું ? તેઓ કૉંગ્રેસ છોડીને જાય, તેવું ક્યારે ન બની શકે.

ગુજરાત સહિત દેશભરમાં પક્ષપલટાનો દોર

દેવુસિંહ ચૌહાણ અને ડો. મહેન્દ્ર મુંજપરાને રિપિટ નહીં કરાય

મનસુખ માંડવિયાને ભાજપ હાઇકમાન્ડ લોકસભાની ચૂંટણી લડાવે તેવી પૂરેપુરી શક્યતા જોવાઇ રહી

ગાંધીનગર, તા.૧૯

એક તરફ, ગુજરાત સહિત દેશભરમાં પક્ષપલટાનો દોર જામ્યો છે. બીજી તરફ, લોકસભાની ચૂંટણીને ટિકિટના દાવેદારોને લઈને રાજકીય અટકળોનો દોર શરૂ થયો છે. રાજ્યસભાના ચારેય ઉમેદવારો જાહેર થયા બાદ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને પુરુષોત્તમ રુપાલાનું શું થશે તે લઈને ચર્ચા જામી છે. એવી ચર્ચા છે કે, મનસુખ માંડવિયા માટે ભાવનગર-અમરેલી ઉપરાંત પોરબંદર એમ ત્રણેક બેઠકો પૈકી કોઈ એક બેઠક પરથી ચૂંટણી લડી શકે છે જયારે અન્ય કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણ અને ડો.મહેન્દ્ર મુંજપરાને રિપિટ નહી કરાય. ગુજરાતમાં ખાલી પડેલી રાજ્યસભાની ચાર બેઠકો માટે ઉંમેદવારો ઘોષત કરાયા છે જેમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને પુરષોત્તમ રુપાલાને રિપિટ કરાયા નથી. આ જોતાં બંને કેન્દ્રીય મંત્રીઓ હવે શું થશે? તે અંગે અટકળો શરૃ થઈ છે. સૂત્રોના મતે, મનસુખ માંડવિયાનું પાટીદારોમાં પ્રભુત્વ છે સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નજીકના ગણાય છે પરિણામે ભાજપ હાઈકમાન્ડ તેમને લોકસભાની ચૂંટણી લડાવે તેવી પૂરેપુરી શક્યતા જોવાઈ રહી છે. માંડવિયા માટે ભાવનગર બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. આ ઉપરાંત અમરેલી અને પોરબંદર બેઠક પરથી પણ ચૂંટણી મેદાને ઉતરી શકે છે. માંવડિયાનુ ચૂંટણી લડવુ લગભગ નક્કી છે. આ તરફ, પુરુષોતમ રુપાલાની ઉંમરને જોતાં લોકસભાની ચૂંટણી લડે તેવી શક્યતા ઓછી છે. રુપાલાને ભાજપના સંગઠનમાં ગોઠવવા કવાયત ચાલી રહી છે. તેમના સ્થાને અન્ય પાટીદાર નેતાને ચૂંટણી લડાવવાની ભાજપની ગણતરી છે જેથી અંદરખાને પાટીદાર ઉમેદવારની શોધ પણ થઈ ચૂકી છે.

આ બાજુ, કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણને ટિકિટ નહી અપાય. તેમના સ્થાને અન્ય ઓબીસી આગેવાનને મધ્ય ગુજરાતમાંથી ચૂંટણી મેદાને ઉતારવા નક્કી કરાયુ છે. સાથે સાથે કેન્દ્રીય મંત્રી ડો.મહેન્દ્ર મુંજપરાને પણ રિપિટ નહી કરાય. તેમના પર્ફમન્સથી ખુદ મોદી ખુશ નથી. આ જોતાં આ બંને મંત્રીઓના પત્તા પણ કપાય તે વાત નક્કી છે. સુરતમાંથી ગોવિંદ ધોળકિયાની રાજ્યસભાના સભ્યપદે પસંદ કરાયા છે ત્યારે કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશને હાલ હાશકારો થયો છે. ભાજપ હાઈકમાન્ડે ગોવિંદ ધોળકિયાને લોકસભાની ચૂંટણી લડાવવાનુ નક્કી કર્યુ હતુ પણ છેલ્લી ઘડીએ તેમની પસંદગી રાજ્યસભા માટે કરાઈ છે ત્યારે હાલ દર્શના જરદોશ માટે લોકસભાની ચૂંટણી લડવા માટે માર્ગ મોકળો થયો છે. આમ, લોકસભાની ચૂંટણીમાં ૨૬ પૈકી ૨૬ બેઠકો જીતબ્નો લક્ષ્યાંક હોવાથી ભાજપ જરાયે જોખમ ખેડવા માંગતી નથી. આ કારણોસર રાજકીય સમીકરણના સોગઠા ગોઠવી નવા-યુવા ચહેરાઓને ઉમેદવાર તરીકે તક આપશે તે નક્કી છે.

ચૂંટણી નજીક છે તેમ ઈન્ડિયા ગઠબંધનમાં ગાબડાં વધ્યાં

મહેબૂબા મુફ્તીનો પક્ષ પણ હવે કાશ્મીરમાં અલગ ચૂંટણી લડશે

પાર્ટીની સંસદીય સમિતિ ઉમેદવારોના નામની જાહેરાત કરશે

નવી દિલ્હી, તા.૧૯

લોકસભા ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ઈન્ડિયાગઠબંધન મજબૂત થવાની જગ્યાએ વેરવિખેર થતું દેખાઈ રહ્યું છે. હવે જમ્મુ-કાશ્મીરમાંથી ઈન્ડિયાગઠબંધનને વધુ એક ઝટકો લાગ્યો છે.

નેશનલ કોન્ફરન્સ (એનસી) બાદ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી)એ પણ લોકસભા ચૂંટણીમાં અલગ ઉમેદવાર ઉતારવાનો નિર્ણય કર્યો છે. પાર્ટીની સંસદીય સમિતિ ટૂંક સમયમાં ઉમેદવારોના નામની જાહેરાત કરશે. અગાઉ ફારુક અબ્દુલ્લાના નેતૃત્વ હેઠળની એનસીએ ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી.

પીડીપીની લોકસભા ચૂંટણીની તૈયારીઓઆ આકલન માટે કાશ્મીરમાં આયોજિત બેઠક બાદ પાર્ટીના વડા મહેબૂબા મુફતીએ કહ્યું કે અમારી પાર્ટી દેશમાં આગામી લોકસભા ચૂંટણી માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. ટૂંક સમયમાં રાજ્યમાં લોકસભા બેઠકો માટેના ઉમેદવારોના નામ નક્કી કરવામાં આવશે. મોહમ્મદ સરતાજ મદનીના નેતૃત્વમાં પાર્ટી સંસદીય બોર્ડ ટૂંક સમયમાં ઉમેદવારોની યાદીને અંતિમ રૂપ આપશે.

પાર્ટીના વરિષ્ઠ ઉપાધ્યક્ષ અબ્દુલ રહેમાન વીરી, મહાસચિવ ડૉ. મહેબૂબ બેગ અને ગુલામ નબી લોન હંજુરા, અધિક મહાસચિવ આશિયા નકાશ, પૂર્વ મંત્રી નઈમ અખ્તર અને ઝહૂર અહેમદ મીર સહિત જિલ્લા પ્રમુખો, મતવિસ્તારના પ્રભારીઓ અને પ્રદેશ પ્રમુખો બેઠકમાં હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે સૌથી પહેલા નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે અમારી પાસે જે સીટો છે તે સિવાય અન્ય સીટો પર ગઠબંધન અંગે વિચારવામાં આવશે. તેના બાદ પાર્ટી પ્રમુખે એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી. જ્યારે હવે પીડીપીએ કહ્યું હતું કે પાર્ટીનો હેતુ એકતાનો છે, પરંતુ એનસીના નિર્ણયને ધ્યાનમાં રાખીને યોગ્ય સમયે નિર્ણય લેવામાં આવશે.

પાકિસ્તાનની ચૂંટણી મજાક બની ગઈ

ભુટ્ટો-શરીફના જોડાણની અનિશ્ચિતતા વડાપ્રધાન પદ માટે ઈમરાન ફેવરિટ

પીપીપીના અધ્યક્ષે ખુલાસો કરી દીધો છે કે મેં ગઠબંધન સરકારની ફોર્મ્યૂલા સ્વીકારવાની જ ના પાડી દીધી

ઈસ્લામાબાદ, તા.૧૯

પાકિસ્તાનમાં ચૂંટણી મજાક બનીને રહી ગઈ છે. પહેલાં હિંસક ચૂંટણી બાદ પરિણામોમાં ગરબડની વાત સામે આવી. હવે પરિણામ જાહેર થયા બાદ પણ કોઈ પાર્ટીની સરકાર રચાતી દેખાઈ રહી નથી જેના લીધે ફરી ચૂંટણી યોજાશે તેવી ચર્ચા થઈ રહી છે.

આ દરમિયાન ચોંકાવનારા અહેવાલ તો એ છે કે અત્યાર સુધી એવી વાત થઈ રહી હતી કે બિલાવલની પાર્ટી પીપીપી નવાઝ શરીફની પાર્ટી પીએમએલ-એન સાથે ગઠબંધન કરીને સરકાર રચી શકે છે પરંતુ હવે એ વાતને પણ બિલાવલ દ્વારા જ રદીયો આપી દેવાયો છે. ખરેખર તો પાકિસ્તાન પીપુલ્સ પાર્ટી (પીપીપી) ના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ખુલાસો કરી દીધો છે કે મેં ગઠબંધન સરકારની ફોર્મ્યૂલા સ્વીકારવાની જ ના પાડી દીધી છે. મને વડાપ્રધાન પદ ઓફર કરાયું હતું પરંતુ મેં તે પણ નથી સ્વીકાર્યું. હું ફક્ત પ્રજાના જનાદેશ પર જ આ પદ સ્વીકારીશ.

૩૫ વર્ષીય પૂર્વ વિદેશમંત્રી બિલાવલ ભટ્ટો ઝરદારી પીપીપીના વડાપ્રધાન પદના ચહેરો હતા. જોકે ૮ ફેબ્રુઆરીએ આયોજિત ચૂંટણીમાં તેમની પાર્ટી નેશનલ એસેમ્બલીમાં ૫૪ બેઠકો સાથે ત્રીજા ક્રમે રહી હતી. જેલમાં કેદ ઈમરાન ખાનની પાકિસ્તાન તહેરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પાર્ટીને સૌથી વધુ બેઠકો મળી હતી અને નવાઝ શરીફની પીએમએલ-એન પાર્ટી બીજા ક્રમે રહી હતી.

વડાપ્રધાન ઉત્તર પ્રદેશ પહોંચ્યા

વડાપ્રધાન મોદી દ્વારા કલ્કી ધામ મંદિરમાં ભૂમિપૂજન

શ્રી કલ્કી ધામ મંદિર પરિસર ૫ એકરમાં ફેલાયેલું હશે, તેનું નિર્માણ કાર્યક્રમ ૫ વર્ષમાં પૂરું કરવાનું લક્ષ્ય રખાયું

લખનૌ, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઉત્તરપ્રદેશ પહોંચ્યા હતા. અહીં તેમણે કલ્કી ધામ મંદિરનો શિલાન્યાસ કર્યો હતો.

તેમની સાથે આ કાર્યક્રમમાં સીએમ યોગી આદિત્યનાથ પણ હાજર રહ્યા હતા. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પીએમ મોદીએ કલ્કી ધામ મંદિરમાં ભૂમિપૂજન કર્યું હતું. આ દરમિયાન તેમની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને આચાર્ય પ્રમોદ કૃષ્ણમ હાજર રહ્યા હતા.

આ મંદિરને શ્રી કલ્કી ધામ નિર્માણ ટ્રસ્ટ દ્વારા બનાવવામાં આવશે જેના અધ્યક્ષ આચાર્ય પ્રમોદ કૃષ્ણમ છે. આ કાર્યક્રમમાં સામેલ થવા દેશભરમાંથી ૧૧૦૦૦ થી વધુ સાધુ સંતો સંભલ પહોંચ્યા હતા. અનેક ધાર્મિક નેતા અને અન્ય ગણમાન્ય વ્યક્તિઓ પણ મંદિર શિલાન્યાસ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી કલ્કી ધામ મંદિર પરિસર ૫ એકરમાં ફેલાયેલું હશે. તેનું નિર્માણ કાર્યક્રમ ૫ વર્ષમાં પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે. આ મંદિરનું નિર્માણ પણ બંસી પહાડપુરના ગુલાબી પથ્થરો વડે કરવામાં આવશે.

સોમનાથ મંદિર અને અયોધ્યાનું રામમંદિર પણ બંસી પહાડપુરના પથ્થરોનું બનેલું છે. મંદિરનું શિખર ૧૦૮ ફૂટ હશે. જેમાં સ્ટીલ કે લોખંડનો ઉપયોગ નહીં કરવામાં આવે. શ્રી કલ્કિ ધામ મંદિરમાં ૧૦ ગર્ભગૃહ હશે જેમાં ભગવાન વિષ્ણુના ૧૦અવતારોના વિગ્રહ સ્થાપિત કરાશે.

પીએમ મોદીએ વૈદિક મંત્રોચ્ચાર સાથે શ્રી કલ્કી ધામ મંદિરનો શિલાન્યાસ કર્યા બાદ મંચ પરથી લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં તેમણે કહ્યું કે તમારો આશીર્વાદ જળવાઈ રહેવો જોઈએ કે જેથી કરીને ભવિષ્યમાં પણ આવા કામ કરતો રહું. જે સારા કામ રહી ગયા છે તે આવતી વખતે ચોક્કસ પૂરાં કરીશ. આડકતરી રીતે અગાઉની સરકાર સામે નિશાન તાકતાં પીએમ મોદીએ કહ્યું હતું કે કેટલાંક લોકો મારા માટે આ સારા કામ છોડી ગયા હતા જેને હવે હું પૂરાં કરી રહ્યો છું. કલ્કી ધામમાં વિષ્ણુના તમામ અવતારો બિરાજશે. ભગવાનના તમામ ૧૦ અવતાર તમને અહીં જોવા મળશે. મંદિરમાં ૧૦ ગર્ભગૃહ હશે. એક જ ભગવાનના તમામ સ્વરૂપોના દર્શન કરી શકશો. સંતોના આશીર્વાદથી આગળ પણ કામ થતું રહેશે.

આઈએસએસ પર હાથ ધરવામાં આવેલો પ્રયોગ

જાપાનના વૈજ્ઞાનિકો લિગ્નોસેટ નામનો લાકડાનો સેટેલાઈટ લૉન્ચ કરશે

પર્યાવરણને થતા નુકસાનને ઘટાડવા વૈજ્ઞાનિકોનો પ્રયોગ

ટોક્યો, તા.૧૯

જાપાનના વૈજ્ઞાનિકોએ લિગ્નોસેટ નામનો લાકડાનો સેટેલાઈટ બનાવ્યો છે. આ સેટેલાઈટ મેગ્નોલિયા લાકડામાંથી બનાવવામાં આવ્યો છે. જે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ) પર હાથ ધરવામાં આવેલા પ્રયોગ છે. આ ઉનાળામાં આ સેટેલાઈટને અમેરિકન રોકેટથી લૉન્ચ કરવાની યોજના છે.

એક અહેવાલ મુજબ, આ લાકડાના સેટેલાઈટને ક્યોટો યુનિવર્સિટી અને લોગિંગ કંપની સુમિતોમો ફોરેસ્ટ્રીના સંશોધકો દ્વારા બનાવવામાં આવ્યો છે. તેને બનાવવા પાછળનો વિચાર એ પણ છે કે લાકડા જેવી બાયોડિગ્રેડેબલ સામગ્રીનો ઉપયોગ કરવાના વિચારને ચકાસવા માટે, તે જોવા માટે કે શું તે ધાતુઓના પર્યાવરણને અનુકૂળ વિકલ્પ તરીકે કામ કરી શકે છે જેમાંથી હાલમાં તમામ ઉપગ્રહો બનાવવામાં આવે છે.

જાપાની અવકાશયાત્રી અને ક્યોટો યુનિવર્સિટીના એરોસ્પેસ એન્જિનિયર ટાકાઓ ડોઈએ જણાવ્યું હતું કે પૃથ્વીના વાતાવરણમાં ફરી પ્રવેશતા સેટેલાઈટ બળી જાય છે જેના નાના એલ્યુમિનિયમ કણો બને છે. આ કણો અવકાશમાં ઘણા વર્ષો સુધી તરતા રહે છે. જેથી પૃથ્વીના પર્યાવરણને નુકસાન થશે. આ સમસ્યાનો સામનો કરવા માટે, ક્યોટોના સંશોધકોએ લાકડાના ઉપગ્રહો બનાવવાની દિશામાં પગલાં લીધાં. આ માટે, વિવિધ પ્રકારના લાકડાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેના નમૂના "જીજી ને મોકલવામાં આવ્યા હતા, જેનું એક વર્ષ સુધી પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ પરીક્ષણમાં લાકડાને કોઈ નુકસાન થયું નથી. જોકે, વૈજ્ઞાનિકોનું માનવું છે કે આવું એટલા માટે થયું છે કારણ કે અવકાશમાં ઓક્સિજન નથી, જે લાકડાને બાળી શકે છે. મેગ્નોલિયાના ઝાડના લાકડાનો ઉપયોગ સેટેલાઈટ બનાવવા માટે કરવામાં આવ્યો છે, તે સૌથી મજબૂત હોવાનું જાણવા મળ્યું છે.

ગુજરાતમાં મોટું કૌભાંડ કૉંગ્રેસે ખોલ્યુ

નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો કૉંગ્રેસે આક્ષેપ કર્યો

ભાજપના પદાધિકારો દ્વારા તેમના મળતિયાઓને કોન્ટ્રાક્ટ આપી કૌભાંડ કરવામાં આવ્યું છે : કૉંગ્રેસ

ગાંધીનગર, તા.૧૯, નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવાનો કૉંગ્રેસે આક્ષેપ કર્યો છે.. કૉંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ કહ્યું કે ગુજરાતમાં નલ સે જલ યોજનાની કામગીરી માત્ર કાગળ પર જ થઈ છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં નલ સે જલ યોજનામાં કરોડોનું કૌભાંડ થયું છે. તેમણે આક્ષેપ કર્યો કે નીચી ગુણવત્તાવાળી પાઈપો લગાવીને આ ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. અને અમુક ગામોમાં તો નલ સે જળ યોજનામાં કોઈ કામગીરી થઈ જ નથી. પાણી પુરવઠા મંત્રીના તાલુકામાં જ નલ સે જલ યોજનામાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો. સાથે જ મુખ્યમંત્રી સુધી રજુઆત કરવા છતા કોઈ પગલા લેવામાં ન આવ્યા હોવાનું તેમણે કહ્યું. કૉંગ્રેસ પ્રવકતા મનિષ દોશીએ કહ્યું કે ભાજપના પદાધિકારો દ્વારા તેમના મળતિયાઓને કોન્ટ્રાક્ટ આપી કૌભાંડ કરવામાં આવ્યું છે.. આ સાથે તેમણે તમામ ગામોની વિજિલન્સ ટીમ તપાસ કરે તેવી માંગ કરી" મોટાભાગના કોન્ટ્રાક્ટર્સ ભાજપના ફંજ રેઝર છે અથવા તો પછી ભાજપના પદાધિકારીઓ છે તેવું તેમણે જણાવ્યું. મનિષ દોશીએ કહ્યુ કે વિઝિલિન્સ તપાસમાં આવી અનેક ફરીયાદો મળી છે. રાજ્યના મુખ્યમંત્રી, પાણી પુરવઠા મંત્રી મૌન છે. સીધી માંગ છે કે સમગ્ર કાંડની તપાસ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમને સોંપાય. વાસ્મોના નામે પાણી પુરવઠાના નામે ગુજરાતના નાગરિકો સાથે નળથી જળના નામે જે છળ થયું છ તેની તપાસ થાય, ૬૦ દિવસમાં જવાબદારોની ધરપકડ થાય ભાજપ સરકાર જવાબદારી સ્વીકારે

પોખરણમાં વાયુશક્તિ ૨૦૨૪ યુદ્ધાભ્યાસ દરમિયાનની ઘટના

પાક.નું એફ-૧૬ ધ્વસ્ત કરનાર ભારતીય મિસાઈલ નિશાન ચૂકી

પોખરણ, તા.૧૯

પોખરણમાં વાયુશક્તિ ૨૦૨૪ યુદ્ધાભ્યાસ દરમિયાન વાયુસેનાના તેજસ ફાઈટર જેટએ એક હવાઈ ટારગેટ તરફ આર-૭૩ મિસાઈલ ફાયર કરી હતી જે ટારગેટને ચૂકી ગઈ. જ્યારે રાફેલ ફાઈટર જેટમાંથી નીકળેલી માઈકા Iઆરમિસાઈલે સચોટ નિશાન તાક્યું હતું.

હવે સવાલ એ ઊઠી રહ્યો છે કે શું આર-૭૩ મિસાઈલનો ઉપયોગ ભવિષ્યમાં ચાલુ રાખવો જોઈએ કે પછી તેની જગ્યાએ કોઈ અન્ય સ્વદેશી કે વિદેશી હથિયારનો ઉપયોગ શરૂ કરવામાં આવે. તેજસે આર-૭૩ મિસાઈલ ત્યારે ફાયર કરી હતી જ્યારે હવામાન પણ યોગ્ય હતું. ટારગેટ સામે જ હતું.

તેમ છતાં મિસાઈલ ટારગેટ ચૂકી ગઈ હતી. એવું લાગે છે કે તેનું ફ્યૂઝ ટ્રિગર થયું નહોતું. જોકે અસલ કારણ અત્યાર સુધી સામે આવ્યું નથી પણ આ મામલે તપાસ ખૂબ જ જરૂરી છે. સાથે જ એવી પણ ચર્ચા શરૂ થઈ છે કે તેજસ ફાઈટર જેટમાં આ મિસાઈલનો ઉપયોગ કરવો કે નહીં?

એરફોર્સ પણ આર-૭૩ મિસાઈલની મર્યાદાઓથી વાકેફ છે. એવી માગ થઈ રહી છે કે તેજસ ફાઈટર જેટને એએસઆરએએમથી લેસ કરવામાં આવે. જેથી ક્લૉઝ કોમ્બેટ દરમિયાન સચોટ નિશાન તાકી શકાય. જોકે એ પણ જાણવું જરૂરી છે કે આ જ આર-૭૩ મિસાઈલ વડે વિંગ કમાંડર અભિનંદન વર્ધમાને પાકિસ્તાનના એફ-૧૬ ફાઈટર જેટને તોડી પાડ્યું હતું. આ મિસાઈલને ભારતમાં બનાવવાની તૈયારી ચાલી રહી હતી. હાલ તેને રશિયાની ટેક્ટિકલ મિસાઈલ કોર્પોરેશન બનાવે છે.

અમરેલી : શ્રીમતિ એસ.એચ.ગજેરા ડી.એલ.એસ.એસ.માં નેશનલ કક્ષાએ ગોલ્ડ મેડલની ઝળહળતી શ્રેષ્ઠ સિદ્ધિ

ગજેરા જિલ્લા કક્ષા સ્પો
Congratulations
શ્રી એસ.એચ.ગજેરા જિલ્લા કક્ષા સ્પોર્ટ

અમરેલી શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં સંકયુકત ઉપક્રમે જિલલા કક્ષા સ્પોર્ટસ સ્કુલના એથ્લેટીકસ ખેલાડીઓ ૧૯મી NIDJAM નેશનલ ઈન્ટર ડીસ્ટ્રીકટ જુનીયર એથ્લેટીકસ મીટ–૨૦૨૪નું આયોજન તા.૧૬/૨/૨૦૨૪ થી તા.૧૮/૨/૨૦૨૪ સુધી અમદાવાદ મુકામે કરવામાં આવેલ હતું. જેમાં ડી.એલ.એસ.એસ. અમરેલીના વિદ્યાર્થીની વાળા રોશનબા એ ૬૦ મિટર ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજય અને અમરેલી જિલ્લા તેમજ શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ છે.જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ યોજના અંતર્ગત પસંદગી પામેલ ખેલાડીઓને તેમજ શાળામાં અભ્યાસ કરતા રમત ગમતમાં ઉત્સાહી હોય તેવા વિદ્યાર્થીઓને નિયમિત શિક્ષણ આપી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી સિદ્ધિઓ હાંસલ કરાવવા સંસ્થામાં પ્લેટફોર્મ પુરૂ પાડવામાં આવી રહયું છે. વિદ્યાર્થીની આ સફળતા બિરદાવવા માટે મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્ય તથા ડી.એલ.એસ.એસ.સ્ટાફ દ્વારા વિદ્યાર્થીનીને ફુલહાર તેમજ મેડલ પહેરાવીને તેમનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આવી રીતે અનેક વિદ્યાર્થીઓને સંસ્થામાં અલગ–અલગ ક્ષેત્રે સિધ્ધિઓ પ્રાપ્ત થઈ રહી હોય ત્યારે સંસ્થાનાં પ્રમુખ, વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ તમામ ડી.એલ.એસ.એસ.સ્ટાફ, તમામ પ્રિન્સીપાલ તેમજ તમામ સહપાઠીઓએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીની રોશનબાને હૃદયપુર્વક અભિનંદન પાઠવી તેમની સિધ્ધિને બિરદાવી હતી. સંસ્થા તરફથી આ વિદ્યાર્થીનીને હવે પછી આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારત દેશનું પ્રતિનિધિત્વ કરી ઉજજવળ સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવેલ છે.

ચાડીયાની ન્યાય સમિતિનાં ચેરમેન દીપાલીબેનની રજૂઆત

અંતે અમરેલીની સરકારી અનુ.જાતિ કુમાર છાત્રાલય પુનઃ શરૂ કરવા માટે નિર્ણય થયો

પ્રવેશ મેળવવા ઈચ્છતા બાળકોને સંપર્ક કરવા જણાવાયુ

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાની નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ કચેરી અમરેલી દ્વારા સંચાલીત અનુ.જાતિ કુમાર છાત્રાલય આશરે બે વર્ષની આસપાસથી બંધ હાલતમાં હતી. છાત્રાલયનું મકાન રહેવા લાયક ના હોવાથી આ છાત્રાલય બંધ હાલતમાં હતી. ખૂબ લાબાં સમયથી બંધ આ છાત્રાલયની વૈકલ્પીક વ્યવસ્થા કઈ પણ કરવામાં આવી રહી નહોતી.

અમરેલી ખાતે અમરેલી જિલ્લાની આસપાસના તાલુકા તથા અમરેલી જિલ્લાના છેવાડના તાલુકાના વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા હોય ત્યારે આ કુમાર છાત્રાલય બંધ હોયાના કારણે આ વિદ્યાર્થી ભાઈઓને અભ્યાસ માટે અમરેલીમાં રહેવાની વ્યવસ્થા કરવી ખૂબ જ અઘરી બનતી હતી. અને જેના કારણે આ વિદ્યાર્થીઓને હાલાકીનો સામનો કરવો પડી રહયો હતો. મધ્યમ પરીવારના વાલીઓ પોતાના બાળકોને ભણાવવા માટે સરકારી છાત્રાલયમાં રાખી બાળકોને અભ્યાસ કરાવે છે. આવા મધ્યમ પરીવારના બાળકો મોંઘીદાટ ખાનગી છાત્રાલયમાં રાખી અભ્યાસ કરી શકતા નથી જેના કારણે આ છાત્રાલય બંધ હોવાથી ભાઈઓ અભ્યાસ છોડવા માટે મજબુર બનતા હતા. અને જે શીક્ષણનું સ્તર નીચું જવાનું કારણ પણ માની શકાય.

ત્યારે અમરેલી જીલ્લાના અનું.જાતિના ભાઈઓને પડતી આ મુશ્કેલીઓ બાબતે આ કુમાર છાત્રાલય ફરી શરૂ કરવા માટે સામાજીક ન્યાય સમિતિ ચાડિયા ના ચેરમેન દીપાલીબેન શરદભાઈ મકવાણા દ્વારા માન.કલેકટર સાહેબને રજુઆત કરેલ જેને ધ્યાન પર લઈ માન. કલેકટર સાહેબ દ્વારા નિયામનુસાર કાર્યવાહી કરવા નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ અમરેલીને સુચના આપવામાં આવેલ તથા દીપાલીબેન દ્વારા મંત્રી સામાજીક ન્યાય અને અધિકારીતા તથા વિધાનસભા વિરોધ પક્ષના નેતાને પણ આ બાબતે રજુઆત કરેલ હતી ત્યારે દીપાલીબેન શરદભાઈ મકવાણાની સફળ રજુઆતોના કારણે નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ કચેરી અમરેલી દ્વારા કુમાર છાત્રાલય માટે અન્ય જગ્યાએ વૈકલ્પીક વ્યવસ્થા કરી છાત્રાલયમાં પ્રવેશની પ્રક્રીયા શરૂ કરવામાં આવી છે.

છાત્રાલયમાં પ્રવેશ મેળવતા માંગતા ધો. ૧૧,૧૨,તેમજ કોલેજ કક્ષાના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા ભાઈઓને નાયબ નિયામક,અનુ.જાતિ કલ્યાણ,બહુમાળી ભવન,બ્લોક–બી, ત્રીજો માળ અમરેલી ખાતે કચેરી ખાતે સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

અગાઉનાં મનદુઃખનાં કારણે

ધારીનાં ધારગણી ગામે ખેડૂત ઉપર થયો હુમલો

પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૧૯

ધારી તાલુકાના ધારગણી ગામે રહેતા અને ખેતી કામ કરતાં ભરતભાઈ કનુભાઈ ગજેરા નામનાં ૪૦ વર્ષિય ખેડૂતના કુટુંબીભાઈ કમલેશભાઈ ગજેરા સાથે તે જ ગામે રહેતા રમેશભાઈ ગોકળભાઈ વેકરીયા નામનાં આરોપીને આશરે પાંચેક વર્ષ પહેલા ખેતરમાં ટ્રેકટર ન ચાલવા દેવા બાબતે બોલાચાલી થયેલ હતી. જે બાબતનુ મનદુઃખ રાખી ભરતભાઈ પોતાની વાડીએથી પોતાના હવાલાવાળું મોટર સાઈકલ લઈ ગત તા.૧૭ના સાંજે ૫/૩૦ વાગ્યે પોતાના પરત ઘરે આવતા હતા ત્યારે આ કામના આરોપીએ તેમને માથાના પાછળના ભાગે લોખંડના પાઈપનો એક ઘા મારી મોટર સાઈકલ ઉપરથી પછાડી દઈ જમણા હાથની કલાઈના ભાગે તથા જમણાપગે એક–એક ઘા કરી ભરતભાઈને જમણા હાથની કલાઈના ભાગે ફેકચર આવે તેવી ગંભીર ઈજા કરી તથા શરીરના અન્ય ભાગોએ મૂંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાય છે.

એસ.ટી.નાં અધિકારીઓની નિષ્ક્રીયતા સામે નારજગી

બગસરાના એસ.ટી.ડેપોમાંથી અનેક રૂટની બસ મોડી ઉપડતા મુસાફરોમાં રોષ

દિ'ઉગેને કોઈને કોઈ ફરિયાદ સામે આવે છે

બગસર, તા.૧૯

બગસરા એસટી ડેપોમાં ઘોર બેદરકારી જોવા મળી છે બગસરા એસટી ડેપોમાં છેલ્લા છ મહિના થયા વહીવટ કથળ્યો છે ડેપો મેનેજરની ઘોર બેદરકારી જોવા મળી છે વહેલી સવારે ઉપડતી બગસરા કૃષ્ણનગર બસ જે ૫ :૩૦ કલાકે ઉપડે છે તે બસ સાત કલાકે એટલે કે દોઢ કલાક મોડી પડતા ૭:૦૦ વાગે જે અંબાજી ઉપડે છે તે ટાઈમ ની સાથે ઉપડી તેમજ પાંચને ૪૫ મિનિટ ઉપડતી અમરેલી જુનાગઢ બગસરા ડેપો ની એસટી બસ કેન્સલ થઈ ડ્રાઈવર ના આવ્યા તેમજ સાત વાગે ઉપડતીશ બગસરા સુરત બસ મોડી પડતા પેસેન્જર રજળીયા હતા આવું અનેક વાર બન્યું છે છતાં એસટી તંત્રના અધિકારીઓ આંખ આડા કાન કરે છે અને આ તમામ અધિકારીઓ પબ્લિકને હેરાન કરવામાં માનતા હોય તેવું લાગે છે હમણાં તાજેતરમાં જ સાંસદની ચૂંટણી નજીક હોય ત્યારે પબ્લિકને હેરાન કરી અધિકારીઓ શું કરવા માંગે છે તેઓ વેધક સવાલ જવાબદાર નાગરિક દ્વારા કરવામાં આવ્યો છે આવું માત્ર બગસરા ડેપોમાં જ આવું થાય છે અને પબ્લિકને હેરાન કરવામાં આવે છે બાકી કયાંય આવું જોવા મળતું નથી તો આ બાબતે ઉચ્ચ કક્ષાના અધિકારીઓ ધ્યાન દઈ જવાબદાર અધિકારીઓ ઉપર પગલાં લઈ તેવી બગસરા વાસીઓ ની માંગણી છે.

અમરેલીનાં સારહિ આશ્રમને બિલ્ડરો દ્વારા ૧.૫૧ લાખની સહાય

અમરેલી, તા. ૧૯

નિરાધારનો આધાર સારહી તપોવન આશ્રમના પ્રણેતા મુકેશભાઈ સંઘાણી તથા સમગ્ર સારહિ પરિવારની સેવાકીય પ્રવૃત્તિને વધાવતા અમરેલી બિલ્ડર એસોસિયેશન દ્વારા સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમનાં નિર્માણ કાર્ય માટે ૧,૫૧,૦૦૦/– રૂપિયાનું અનુદાન આપવામાં આવ્યું.

ગત વર્ષે ૩૧ ડિસેમ્બરના રોજ તપોવન આશ્રમ નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાવ ટૂંકા સમયમાં જ બાંધકામ કાર્ય પૂર્ણતાની નજીક છે. એ સમયે અમરેલી બિલ્ડર એસોસિએશનના પદાધિકારીઓ પ્રમુખચંદુભાઈ વોરા, દિપકભાઈ મહેતા, ડેનીભાઈ રામાણી, હિંમતભાઈ સોળીયા, સંજયભાઈ વાગડીયા, દયાળભાઈ સંઘાણી, મહેશભાઈ કાબરીયા, હરેશભાઈ કોદાળા, જયંતીભાઈ કાબરીયા સહિતનાં તમામ સભ્યોએ સંસ્થાની મુલાકાત લીધી હતી. સંસ્થાની કામગીરી અને આયોજનથી પ્રભાવિત થઈને આગેવાનોએ મુકેશભાઈ સંઘાણી તથા સમગ્ર સારહિ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા. આ અવસરે સારહિ પરિવાર વતી મુકેશભાઈ સંઘાણી, સુરેશભાઈ શેખવા, તુષારભાઈ જોષી, હિમાંશુભાઈ ધાનાણી, હરિભાઈ કાબરીયા સહિતનાં પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં. સારહિ પરિવાર વતી આભાર માનવામાં આવેલ.

પાલીકાની જમીનનું ગે.કા.વેચાણનો આક્ષેપ

બાબરાની જમીન લઈને તકેદારી આયોગ સમક્ષ રજુઆત કરાઈ

દિનેશભાઈ ચૌહાણે પત્ર પાઠવી તપાસની કરી માંગ

અમરેલી, તા.૧૯

બાબરા ખાતે આવેલ પાલિકા હસ્તકની જમીનનું ગેરકાયદેસર રીતે વેચાણ થયાનો આક્ષેપ દિનેશભાઈ ચૌહાણે કરેલ છે.

તેઓએ તકેદારી આયોગમાં પત્ર પાઠવીને જણાવેલ છે કે ૪ ઓગસ્ટ ૧૯૫૫નાં રોજ સરકારે નોટિફિકેશન બહાર પાડીને તે સમયની પંચાયતને ૨૫૮.૧૯ ગુંઠા જમીન ફાળવેલ. જે જમીનનું ગે.કા.રીતે વેચાણ થયું હોય પાલિકા સમક્ષ અનેક વખત રજુઆત કરવામાં આવી છતાં કોઈ કાર્યવાહી થતી ન હોય તટસ્થ તપાસ કરવાની માંગ અંતમાં કરેલ છે.

ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા

ખાંભા : સતાધારનાં મહંત પૂ. શામજીબાપુની ૪૧મી પુણ્યતિથિની ભકિતભાવ સાથે ઉજવણી

શોભાયાત્રા, મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા

ખાંભા, તા. ૧૯

ખાંભા ખાતે ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ દ્વારા સતાધારના મહંત પૂજય શામજી બાપુની ૪૧મી પુણ્યતિથિ અવસરે પૂજા વિધિ તેમજ ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં ટ્રેકટરને શણગાર કરી શામજી બાપુની તસ્વીર મૂકવામાં આવી હતી. શોભાયાત્રા ખાંભા શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી અને આ શોભાયાત્રામાં કડિયા

સમાજ તેમજ ગ્રામજનો તેમજ ગામના આગેવાનો ભકિત ભાવથી જોડાયા હતા. ત્યાર બાદ સંતોના આશીર્વાદ અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. અને આ અવસરે મહાપ્રસાદનો મોટી સંખ્યામાં ભકતોએ લાભ લીધો હતો આ કાર્યક્રમને સફળ બનાવવા ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના યુવાનો દ્વારા ભારે જહેમત ઉઠવામાં આવી હતી.

સા.કુંડલા ખાતે એસ.એમ.જી.કે. હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત વિદ્યાર્થીનીઓમાં જાગૃતતા આવે તેવું હેતુને સાર્થક કરવા સાવરકુંડલાના એસ.એમ.જી.કે હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ સાથે પી.બી.એસ.સી તેમજ ૧૮૧ વનસ્ટોપ વગેરે સેન્ટરની માહિતી આપવામાં આવેલ હતી. વાલી દિકરી યોજના, બેટી પઢાઓ બેટી બચાવોની માહિતી આપવામાં આવી હતી તેમજ સાવરકુંડલા તાલુકાના કોર્ટમાંથી લીગલ એકટના વકીલ પણ હાજરીમાં વિદ્યાર્થિનીઓને કાયદાકીય માહિતી પૂરી પાડેલ હતી. શહેર સાથે ગ્રામીણ વિસ્તારના ગામડાઓમાં જાગૃતતા લાવવાના અભિગમને સાર્થક સાબિત કરવા સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ ગ્રામ્ય વિસ્તારમાં વિદ્યાર્થીઓ સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. મહિલા અને બાળ વિભાગ દ્વારા ચાલતા પી.બી.એસ.સી. સેન્ટર ૧૮૧ મહિલા હેલ્પલાઈન વન સ્ટોપ સેન્ટર, વાલી દિકરી યોજના, તમામ મહિલાલક્ષી યોજનાની માહિતી આપવામાં આવેલ હતી. કાર્યક્રમનું આયોજન પી.બી.એસ.સી. સેન્ટરના બંને કાઉન્સેલર નજમાબેન દલ અને દક્ષાબેન

કુંકાવાવની વ્રજ વિદ્યાલય ખાતે 'સાંસદ ખેલ સ્પર્ધા' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવની વ્રજ વિદ્યાલય 'સાંસદ ખેલ સ્પર્ધા' અંતર્ગત વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ. કુકાવાવ વ્રજ વિદ્યાલયની અન્ડર ૧૯ બે ભાઈઓ અને બે બહેનોની ટીમ તેમજ ઓપન માંથી વ્રજ વિદ્યાલય લેડીસ સ્ટાફ એક ટીમ અને જેન્ટ્સ સ્ટાફ ઓપનમાંથી એક ટીમ તેમજ તાલુકા કક્ષાએ બંને ટીમોમાંથી ગર્લ્સમાંથી એક ટીમ અને બોઈઝમાંથી એક ટીમ વિજેતા થયેલ તેમજ ઓપનની બંને ટીમ બિન હરીફ જિલ્લાકક્ષામાં જવા માટે પસંદગી પામેલ છે. આ સાથે ચેસ તથા યોગા જેવી સ્પર્ધાઓ પણ યોજાઈ હતી. ચેસમાં સુરૈયા ધૈર્ય જિલ્લા કક્ષા માટે પસંદગી થયેલ. આ સાંસદ ખેલ મહોત્સવના આયોજનમાં સંચાલક પ્રતિનિધિઓ મિલનભાઈ કટારીયા, પંકજભાઈ બાવીશી, તથા આચાર્ય વિવેકભાઈ દિક્ષિત તેમજ શિક્ષકો કેતનભાઈ, સાગરભાઈ, કૌશિકભાઈ મકવાણા વગેરેએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે દરેક વિદ્યાર્થીઓને દાબેલીનો નાસ્તો આપવામાં આવેલ હતો. આવતી કાલે રસ્સા ખેંચની પણ સ્પર્ધા છે. વ્રજ વિદ્યાલયની વિજેતા ટીમોને ટ્રસ્ટી વસંતભાઈ મોવલિયા, વર્ષીલભાઈ તથા ટ્રસ્ટી પ્રતિનિધિ ઉદયભાઈ દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ખૂબ ઉત્સાહભેર ઉજવાયો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલી–બગસરા માર્ગ ઉપર

સ્ટેન્ડથી રીયલ ટ્રાવેલ્સની પ્રાઈવેટ મીની બસ નંબર જીજે૧૧ટી ૧૭૭૨માં બેસીને બગસરા જવા માટે નીકળેલ હતા ત્યારે તેમની સાથે સોમાભાઈ અમરાભાઈ ટોટા, લાલભાઈ સોમાભાઈ જાપડી, કાનાભાઈ જીણાભાઈ માટીયા, કિશોરભાઈ બાલાભાઈ ઘોડાભાઈ, દેવરાજભાઈ દાભલા, તથા બીજા સભ્યો તથા ત્રણેક તેમના સમાજના બહેનો એ રીતેના બધા નાગનાથ બસ સ્ટેન્ડથી રીયલ ટ્રાવેલ્સની પ્રાઈવેટ મીની બસમાં બેસીને બગસરા જવા માટે નીકળેલ હતા. ત્યારે અમરેલીથી આશરે પાંચેક કિમી દુર જાળીયા ગામના પાટીયા પાસે રોડ ઉપર પહોંચેલ હતા. ત્યારે આ ટ્રાવેલ્સ બસના ડ્રાઈવરે પોતાની ટ્રાવેલ્સ બસ પુર ઝડપે અને બેફિકરાઈથી હંકારી બસના સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા અચાનક ટ્રાવેલ્સ બસને પલટી ખવડાવી દીધેલ જેથી બસમાં બેસેલ પેસેન્જરોને નાની મોટી ઈજાઓ થયેલ હતી. જેમા અમારી સાથેના સોમાભાઈ અમરાભાઈ ટોટા (ઉ.વ. ૫૦, રહે. બગસરા) બસની દરવાજા નજીક અંદર ઉભેલ હતા. તેઓ આ ટ્રાવેલ્સ બસ પલટી ખાવાથી બસના દરવાજાથી બારીના ભાગે નીચે આવી જઈ દબાઈ ગયેલ હતા તે દરમ્યાન બસનો પાછળ નો કાંચ તુટી ગયેલ હતો તેમાથી અમો બધા પેસેન્જર બસમાથી બહાર નીકળેલ હતા અને બહાર નીકળી અમો બધાએ જોયેલ તો આ સોમાભાઈ અમરાભાઈ ટોટાના કમરથી નીચેના ભાગે બસ નીચે દબાયેલા હતા અને તેમને બંને પગના ભાગેથી દબાણ આવવાથી અસહ્ય દુઃખાવો થતો હોય, જેથી બસના ડ્રાઈવર તથા કંડકટર તેમજ અન્ય પેસેનજરોએ બસ ઉચી કરી સોમાભાઈને બસ નીચેથી બહાર કાઢેલ હતા. આ સોમાભાઈને શરીરે ડાબા પગના સાથળથી નીચેના ભાગે પગ સુધી તથા જમણા પગના પંજા ઉપર છુંદાઈ ગયેલ હતો. અને થોડા સમયબાદ સોમાભાઈ બેભાન થઈ ગયેલ અને કંઈ બોલી શકતા ન હતા તેમજ આ ટ્રાવેલ્સમાં બેસેલ બીજા અન્ય સાત આઠ માણસોને નાની મોટી ઈજાઓ થયેલ હોવાનુ જણાવેલ હતુ.

ત્યારબાદ કોઈએ ૧૦૮ ને ફોન કરી બોલાવેલ હતી. જેથી થોડીવારમાં ૧૦૮ આવી સોમાભાઈ અમરાભાઈને ૧૦૮ માં બેસાડી અમરેલી સિવિલ હોસ્પિટલમાં લાવી સોમાભાઈને દાખલ કરેલ હતા. ત્યારે ફરજ પરના ડોક્ટરે સોમાભાઈ અમરાભાઈ ટોટાને મરણ જાહેર કરેલ હતા.

લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૪૫	૧૪૪૬
૨	કપાસ સી ગ્રેડ	૫૧૦	૯૯૫

ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૨૮૫	૧૫૦૩
૨	ચણા	૧૦૩૩	૧૧૦૫
૩	જુવાર સફેદ	૮૨૨	૮૨૨
૪	તલ સફેદ	૨૯૫૧	૨૯૫૧
૫	ઘઉં	૫૯૦	૫૯૦
૬	ધાણા	૭૨૬	૭૨૬
૭	એરંડા	૮૫૧	૧૦૬૫
૮	જીરૂ	૫૦૦૦	૫૦૦૦

અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શિંગ મઠડી	૮૯૫	૧૨૬૯
૨	શિંગ મોટી	૧૦૯૯	૧૩૨૨
૩	શિંગદાણા	૧૪૦૦	૧૬૫૦
૪	તલ સફેદ	૧૫૪૦	૩૦૦૯
૫	તલ કાળા	૨૦૦૦	૨૯૯૦
૬	તલ કાશ્મીરી	૩૯૯૫	૪૧૦૯
૭	બાજરો	૪૧૫	૪૭૦
૮	જુવાર	૮૭૬	૯૦૦
૯	ઘંઉ ટુકડા	૪૨૧	૬૬૭
૧૦	ઘઉં લોકવન	૪૪૪	૫૪૭
૧૧	ચણા	૮૫૫	૧૧૧૮
૧૨	તુવેર	૧૫૦૦	૧૮૪૪
૧૩	કપાસ	૯૮૨	૧૫૨૬
૧૪	એરંડા	૧૦૫૦	૧૧૦૦
૧૫	જીરૂ	૪૪૦૦	૬૧૭૫
૧૬	રાયડો	૮૦૦	૮૭૧
૧૭	ધાણા	૧૧૬૦	૧૪૧૫
૧૮	ધાણી	૧૨૦૦	૨૬૯૦
૧૯	અજમા	૨૧૦૦	૨૧૦૦
૨૦	મેથી	૯૦૫	૧૨૭૦
૨૧	સોયાબીન	૮૧૦	૮૪૦
૨૨	મરચા લાંબા	૯૫૦	૪૫૦૦

પાના ૮ ઉપરનું ચાલું

દીપડાનાં કાળમુખા મોં માંથી

દીપડાએ બાળકને પાછળથી ડોકી પકડી લેતાં બાળક ચીસો પણ પાડી શકતો ના હતો.

પરંતુ સાત ફુટ જેટલી ઉંચીકાંટાની વાડ મોંમાં બાળકને દબાવી દીપડો ઠેકવા જતાં દીપડાના મોંમાં રહેલા બાળક નીચે જામીન ઉપર પડી જતાં આ બાળકને ફરીથી પકડી પાડવા દીપડાએ ફરી પાછો બાળક તરફ આવ્યો હતો. પરંતુ બાળકની રાડારાડથી ત્યાં સુતેલા આ બાળકના પરિવારજનો જાગી જતાં અને આ બાળકને બચાવવા દીપડાની પાછળ દોટ મુકતા દીપડો નાસી છૂટયો હતો.

આ બનાવ બાદ બાળકને ગંભીર ઈજાઓ થતાં તેમને ઈજાગ્રસ્ત હાલતમાં બાળકને અમરેલી સારવારમાં ખસેડાયો હતો. જયાંથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવશે. આ બનાવ અંગેની જાણ વનવિભાગને થતાં લીલીયા વનવિભાગ દ્વારા આ વિસ્તારમાં સ્કેનિંગ હાથ ધરાવામાં આવેલ હતું. અને આ શિકારી દીપડાને પિંજરે પૂરવા માટે જાળીયા ગામે વનતંત્ર દ્વારા પાંજરા ગોઠવી કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

આજીવન કેદની સજા

કાસળ કાઢી નાંખવાના ઈરાદે આરોપીએ ઉપર લોખંડની રાપ વડે માથાંના ભાગે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી અને તેમને કૂવામાં નાંખી દઈ મોત નીપજાવેલ હતું. આ હત્યાના બનાવનો કેસ અત્રેની ત્રીજા એડી. સેશન્સ કોર્ટમાં ચાલી જતાં જિલ્લા સરકારી વકીલ કોર્ટમાં ધારદાર દલીલો તથા પુરાવા રજુ કરતાં એડી.સેશન્સ દ્વારા આરોપીને પોતાના જ મિત્રની હત્યાના બનાવમાં કસુરવાર ઠરાવી આજીવન કેદની સજા તથા રૂપિયા ૫૦ હજારના દંડની સજાનો હુકમ કર્યો હતો. અને જો દંડની રકમ જમા ના કરાવે તો વધુ ૬ માસની સજાનો હુકમ કર્યો હતો.

લાઠી તાલુકાના ભાલવાવ ગામે રહેતા આરોપી મહેશ ઉર્ફે કાળીયો લીંબાભાઈ વિરાણીએ તેમના મિત્ર રાકેશ વિરજીભાઈ વિરાણીને ગત તા. ૧૬/૨/૧૨ના રોજ ૧૧ વાગે ભાલવાવ ગામની સીમમાં લઈ જઈ અને પૈસાની લેતી દેતી તથા રાકેશભાઈની પત્નિ આશાબેન સાથે આરોપીને એક તરફી પ્રેમ હોય, તેથી રાકેશભાઈનું કાસળ કાઢી નાંખવાના ઈરાદે આરોપીએ રાકેશભાઈ ઉપર લોખંડની રાપ વડે માથાંના ભાગે હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી અને તેમને કૂવામાં નાંખી દઈ મોત નીપજાવેલ હતું.

આ બનાવ અંગે પોલીસને જીણવટભરી તપાસ હાથ ધરી આ બનાવ હત્યાનો હોવાથી પોલીસે મૃતકના ભાઈ ડેનિશભાઈની ફરિયાદ લઈ ગત તા. ૨૬/૧/૧૩ના રોજ દામનગર પોલીસમાં આરોપી મહેશ ઉર્ફે કાળીયો લીંબાભાઈ વિરાણી સામે હત્યાનો ગુન્હો દાખલ કરેલ હતો.

આ હત્યાનો કેસ અત્રેની ત્રીજા એડી.સેશન્સ કોર્ટમાં ચાલી જતાં જિલ્લા સરકારી વકીલ જે.બી.રાજગોરે કોર્ટમાં ધારદાર દલીલો તથા પુરાવા રજુ કરતાં એડી.સેશન્સ જજ યોગેશકુમાર એ. ભાવસાર દ્વારા આરોપી મહેશ ઉર્ફે કાળીયો લીંબાભાઈ વિરાણીને પોતાના જ મિત્રની હત્યાના બનાવમાં કસુરવાર ઠરાવી આજીવન કેદની સજા તથા રૂપિયા ૫૦ હજારના દંડની સજાનો હુકમ કર્યો હતો. અને જો દંડની રકમ જમા ના કરાવે તો વધુ ૬ માસની સાંજનો હુકમ કર્યો હતો.

બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ શંકર	૧૨૫૦	૧૫૧૧
૨	મગફળી	૧૧૭૫	૧૧૯૫
૩	ઘઉં	૫૨૨	૫૬૮
૪	ચણા	૧૦૪૮	૧૧૪૨
૫	ધાણા	૧૧૧૯	૧૩૫૧
૬	તુવેર	૧૪૬૦	૧૭૮૦
૭	જીરૂ	૪૨૩૦	૫૬૦૦
૮	તલ સફેદ	૨૪૩૦	૩૦૫૦

સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	શીંગ જીણી	૮૪૧	૧૨૨૫
૨	શીંગ મોટી	૯૩૦	૧૩૧૫
૩	તલ સફેદ	૨૫૦૦	૩૦૦૦
૪	જીરૂ	૪૫૦૦	૬૦૦૦
૫	કપાસ	૧૩૦૦	૧૫૩૦
૬	ઘઉં લોકવન	૪૦૦	૫૩૫
૭	ઘઉં ટુકડા	૪૨૫	૬૧૭
૮	બાજરો	–	૫૨૫
૯	જુવાર	–	૬૦૦
૧૦	મઠ	૧૧૦૦	–
૧૧	ચણા	૧૦૦૦	૧૧૩૦
૧૨	દેશી ચણા	૧૨૫૦	૧૫૫૨
૧૩	તુવેર	૧૫૦૦	૧૯૦૦
૧૪	મેથી	૧૦૫૦	૧૨૦૦
૧૫	રાયડો	૯૦૦	૧૦૩૨
૧૬	ધાણા	૧૦૧૧	૧૯૦૦
૧૭	સોયાબીન	૮૦૦	૮૨૫

બાબરા ખાતે વિધાનસભા યુવા ભાજપની કાર્યશાળા યોજાઈ

તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯

બાબરા મુકામે પ્રદેશ યુવા મોરચાના મંત્રી અને અમરેલી જિલ્લાના પ્રભારી જયભાઈ શાહનાં અધ્યક્ષ સ્થાને બાબરા લાઠી વિધાનસભા યુવા મોરચાની કાર્યશાળા. કાર્યક્રમ પ્રદેશ ભાજપની સુચના મુજબ માર્કેટિંગ યાર્ડમાં કરવામાં આવ્યો હતો અને આ કાર્યક્રમને જયભાઈ શાહ દ્વારા યુવા કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને આગામી સમયની અંદર યુવા મોરચાના પ્રદેશ દ્વારા અનેક કાર્યક્રમો આવી રહ્યા હોય ત્યારે યુવા મોરચાને કામે લાગી જવા હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, તાલુકા ભાજપના પ્રમુખ અશોકભાઈ રાખોલીયા, બંને મહામંત્રી રાજુભાઈ વિરોજા, હિતેશભાઈ કલકાણી, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આગજા, દામનગર યુવા પ્રમુખ પરેશભાઈ, બાબરા યુવા મહામંત્રી કપિલભાઈ, યુવા મોરચાના પૂર્વ પ્રમુખ મહેશભાઈ જાવ્યા, યુવા મોરચાના તાલુકાના મહામંત્રી લલીતભાઈ વેકરીયા, બાબરા નગરપાલિકાના કારોબારી ચેરમેન અશ્વિનભાઈ મકવાણા, બાબરા નગરપાલિકાના સભ્ય ગંભીરસિંહ સોલંકી,ભરતભાઈ રંગપરા, શંભુભાઈ પાચાણી અને યુવા મોરચાના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંકુલ ધો. ૬ થી ૧૨ આર્ટસ કોમર્સ સાયંસ – પ્રવેશ
૧ લી માર્ચથી સ્કૂલ – હોસ્ટેલ નવા પ્રવેશ નોંધણી શરૂ

ધોરણ	છમાસિક–ફી	ધોરણ	છમાસિક–ફી
ધો. ૬ થી ૮ GM	૨૯૦૦	ધો. ૧૧–૧૨ સાયંસ GM	૧૨૨૦૦
ધો. ૯ – ૧૦ GM	૩૫૦૦	ધો. ૬ થી ૮ હોસ્ટેલ	૧૦૬૦૦
ધો. ૧૧–૧૨ આર્ટસ GM	૩૯૦૦	ધો. ૯ થી ૧૨ હોસ્ટેલ	૧૧૯૦૦
ધો. ૧૧–૧૨ કોમર્સ GM	૪૩૦૦	ધો. ૬ થી ૧૨ CBSE	પ્રોસેસ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી) સ્થાપક:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad084

ધારી માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૪૦	૧૫૦૧
૨	ઘઉં	૪૦૦	૫૨૨
૩	ચણા	૧૦૬૦	૧૦૯૫
૪	તુવેર	૧૫૦૧	૧૭૦૫
૫	ધાણા	૯૮૧	૧૦૪૨
૬	ચોળી	૭૦૦	૭૦૦
૭	શીંગદાણા	૧૫૯૫	૧૫૯૫
૮	સોયાબીન	૮૦૦	૮૦૦
૯	સફેદ ચણા	૧૨૦૦	૧૨૦૦

બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૦૫૦	૧૫૦૦
૨	ચણા	૯૦૯	૧૦૪૧
૩	મેથી	૯૫૦	૯૫૦
૪	તુવેર	૧૩૪૫	૧૭૫૧
૫	ઘઉં લોકવન	૪૨૩	૪૯૮
૬	ઘઉં ટુકડા	૪૩૩	૫૨૬
૭	રાયડો	૮૭૫	૮૭૮
૮	ધાણા	૮૦૦	૧૦૬૫
૯	જીરૂ	૫૦૮૦	૫૦૮૦
૧૦	તલ સફેદ	૨૬૨૫	૨૭૪૦
૧૧	સોયાબીન	૮૦૫	૮૦૫
૧૨	મગફળી	૧૧૧૧	૧૧૧૮

પાના ૮ ઉપરનું ચાલું

અમરેલીની રાધિકા હોસ્પિટલનાં

આસપાસ આ બાળકી સાથે તેમના પરિવારજનો હોસ્પિટલ ખાતે પહોંચ્યા. તેને તાત્કાલિક ઓપરેશન રૂમમાં ખસેડવામાં આવી હતી અને ૧૫ મિનિટની જહેમત બાદ દૂરબીન દ્વારા તેના ગળામાંથી સિક્કો બહાર કાઢવામાં આવ્યો હતો. ડોકટરો દ્વારા આ બાળકીને કોઈ કટ કે ટાંકા ના આવે તેવી જરૂરી તકેદારી રાખીને ગળામાં દૂરબીન દ્વારા તેના ગળામાંથી સલામત રીતે સિક્કો બહાર કાઢવામાં આવ્યો હતો. ભારે જહેમત બાદ બાળકીના મોઢામાંથી સિક્કો બહાર કાઢવામાં આવ્યો હતો.

અમરેલીના ગોળ દવાખાનામાં કાન, નાક, ગળાના સર્જન 'ડોકટર શાનું ખેર' અને તેમની ટીમે ભારે જહેમત બાદ બાળકીના ગળામાંથી રૂપિયાનો સિક્કો બહાર કાઢતા બાળકીનો જીવ બચાવ્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલી ખાતે સારહિ તપોવન આશ્રમનું

લોકડાયરાનું આયોજન થયેલ છે. ત્યારે સારહી પરિવારનાં તમામ સભ્યો મુકેશ સંઘાણીનાં માર્ગદર્શન દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહેલ છે. ત્યારે તપોવન આશ્રમમાં પ્રથમ ફેઈઝમાં ૬૪ તપસ્વિઓ તથા ૨૦ સ્ટાફ મળી કુલ ૮૪ વ્યકિતઓને રહેવા માટેની સંપૂર્ણ સુવિધા તૈયાર થઈ ગયેલ છે. સાથે–સાથે આશ્રમમાં તપેર મહાદેવ મંદિર, લાઈબ્રેરી, સારવાર માટે મેડિકલ સુવિધા, પ્રાર્થના–સભા ખંડ, યોગા, કસરત માટેના સાધનો, ભોજનાલય, ખુલ્લુ મેદાન, ટી.વી. રૂમ વગેરે જેવી સુવિધાઓ તૈયાર થઈ ગયેલ છે. વધુમાં ગુણવત્તા સભર ભૌતિક સુખસગડો, જરૂરી ઓર્ગેનિક ભોજન સામગ્રીનું ઉત્પાદન તેમજ ગૌશાળા આવી અનેક નાની–મોટી બાબતોની વ્યવસ્થાઓ માટે મુકેશ સંઘાણી સતત જહેમત ઉઠાવી રહ્યા છે તેમજ આ લોકાર્પણ પ્રસંગે અમરેલી જિલ્લાનાં તમામ સમાજ, સંસ્થાઓના પ્રતિનિધિઓ પધારવા તેઓ નિમંત્રણ પાઠવે છે. તેમજ તમારા ધ્યાનમાં નિરાધાર તપસ્વિઓ હોય તો ૮૦૦૬૪ ૯૯૦૦૦ મોબાઈલ નંબરમાં સંપર્ક કરવા અનુરોધ છે. તેમ સારહી યુથ કલબ ઓફ અમરેલીની યાદી જણાવે છે.

આ તકે ૧૦ માર્ચને રવિવારે રાત્રિનાં રાજભા ગઢવી, યોગેશભાઈ ગઢવી અને વનીતાબેન પટેલ ધ્વારા લોકડાયરો પણ યોજાશે.

સારહિ યુથ કલબનાં પ્રમુખ અને તપોવન આશ્રમનાં પ્રણેતા મુકેશ સંઘાણીએ જણાવ્યું હતું કે, સારહિ તપોવન આશ્રમનાં ભૂમિપૂજન, શિલાન્યાસ બાદ માત્ર ૪૦૦ દિવસમાં સુવિધાસભર તપોવન આશ્રમનું કાર્ય પૂર્ણ કરવું એ ભગીરથ કાર્ય હતું. પરંતુ પરમ કૃપાળુ પરમાત્માનાં આશીર્વાદ, દાતાઓનો આર્થિક સહયોગ અને સેવાના સાથીદારો, શુભેચ્છકો, સ્વયંસેવકો અને નામી–નામી સૌ કોઈનાં સહકારથી આ કાર્ય પૂર્ણ થયેલ છે.

વધુમાં જણાવ્યું હતું કે, ભાજપનાં કાર્યકર તરીકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં ''વસુદેવ કુટુંબકમ''નો વિચાર મારા માટે પ્રેરણાસ્ત્રોત રહ્યો છે અને તેના કારણે જ વિરાટ કાર્ય નિર્ધારિત સમયે પૂર્ણ થયેલ છે.

જાહેર નોટિસ

ફોન નં.૯૪૨૭૫૫૭૬૩૭
વેણીશંકર પરસોતમભાઈ ધાંધીયા
બી.એ.એલ.એલ.બી.–એડવોકેટ
સ્ટેટ બેન્ક રોડ, બગસરા
તારીખ : ૨૦/૨/૨૦૨૪

ડી અમરેલી સબ ડી.તા.બગસરના ગામ ડેરીપપરીયાના ખાતા નંબર ૫૬૦ બ્લોક નંબર ૨૭૭ પૈકી ૫૬, હેકટર આરે. ૧૨–૨૧–૪૧ તથા સર્વેનંબર ૨૮૧ પૈકી ૧ હેકટર આરે ૧–૬૧–૮૮ સર્વે નંબર ૨૮૧ પૈકી ૧૬, હેકટર આરે ૧–૬૧–૮૮ ની જમીન માલીક (૧) જયંતીભાઈ રવજીભાઈ રૈયાણી (૨) રસીલાબેન જયંતીભાઈ રૈયાણી પાસેથી ખરીદ કરવા અંગે અમારા અસીલ શ્રી નિલેષભાઈ વાઘજીભાઈ કાનાણી નાએ અમો એડવોકેટ શ્રી વેણીશંકર પી.ધાંધીયા માફરતે ગઈ તા.૩૦/૧/૨૦૨૪ ના રોજ અવધ ટાઈમ્સ દૈનિક પેપરમાં ખરીદી અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ. જે જાહેર નોટીસ અંગે જણાવવાનું કે અમોનાં અસીલ તરફથી વેચાણ લેવા નકકી કરેલ સદર જમીનનો સોદો કેન્સલ યાને રદ કરેલ છે. જેથી અમોનાં અસીલની તરફેણમાં કરવામાં આવેલ બાનાખત/સોદાચીઠી તથા અન્ય કોઈપણ લખાણ કરવામાં આવેલ હોય તે રદ બાતલ કરેલ છે. જેથી આજદિન બાદ સદર જમીન ઉપર અમોનાં અસીલનો કોઈપણ જાતનો હકક હિસ્સો કે હિત રહેશ નહિ જે અંગે આજદિન બાદ અમારા અસીલને એ કે તેમના વંશ વાલી વારસો વારસોએ કોઈપણ જાતનો વાધો વિરોધ લેવાનો રહેશે નહિ જેની લાગતા વળતા એ નોંધ લેવી.

વેણીશંકર પી.ધાંધીયા તે
નિલેશભાઈ વાઘજીભાઈ કાનાણી
એડવોકેટ
અમરપરા કન્યા શાળા પાસે બગસરા

નિલેશભાઈ વાઘજીભાઈ
કાનાણીની સુચનાથી

રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

ક્રમ	વસ્તુનું નામ	નીચો ભાવ	ઉંચો ભાવ
૧	કપાસ	૧૧૦૦	૧૫૬૧
૨	બાજરો	૪૪૬	૫૧૫
૩	ઘઉં ટુકડા	૪૩૬	૭૪૧
૪	જુવાર	૭૫૧	૮૫૧
૫	મગ	૧૪૭૫	૧૪૭૫
૬	તુવેર	૧૫૦૧	૧૫૦૧
૭	ચણા	૮૯૦	૧૧૦૦
૮	જીરૂ	૪૪૦૦	૪૪૦૦
૯	રાય	૯૦૦	૧૦૦૦
૧૦	રાજગરો	૧૮૩૮	૧૮૩૮

સરકારની ડુંગળી પકવતા ખેડૂતો માટેની નિકાસની જાહેરાત લોલીપોપ સમાન

લ્યો બોલો : ૨૩૦ લાખ ટન ડુંગળીનું ઉત્પાદન અને માત્ર ૩ લાખ મેટ્રિક ટનની નિકાસની છૂટ

ચૂંટણી નજીકમાં હોવાથી ખેડૂતોનું કલ્યાણ કરી દીધુ હોય તેવી વાહવાહી કરવાનો સરકારનો પ્રયાસ શરમજનક

ઓગસ્ટ–૨૦૨૩માં ૪૦ ટકા એકસપોર્ટ ડ્યુટી નાખી અને ડીસે.૨૩થી સંપૂર્ણ નિકાસબંધી કરતાં ખેડૂતો પાયમાલ

ઓગસ્ટ–૨૩થી જે ખેડૂતોએ ડુંગળી વેંચી દીધી છે તેને નુકસાનીનું વળતર સરકાર તાત્કાલિક ચુકવે

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભાજપ સરકારને આડે હાથ લીધી

પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા.૧૯

ભાજપ સરકારે ડુંગળીની નિકાસબંધી હટાવી નથી. પરંતુ ચૂંટણીના સમયે ખેડૂતોને ગેરમાર્ગે દોરીને માત્ર લોલીપોપ આપવાનો જ પ્રયત્ન કર્યો છે. ત્યારે ભાજપની ખેડૂત વિરોધી નીતિ પર આકરા પ્રહાર કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતના અને દેશના ડુંગળી પકવતા ખેડૂતોને ભાજપે નિકાસબંધી કરીને ખૂબ મોટો અન્યાય કર્યા બાદ હવે જયારે ખેડૂતોનો રોષ ભભૂકી ઉઠયો છે અને સામે ચૂંટણી દેખાય છે ત્યારે માત્ર ૩ લાખ મેટ્રિક ટન નિકાસની છૂટ આપીને એવો પ્રચાર શરૂ કર્યો છે કે જાણે ખેડૂતો ઉપર કોઈ મોટી મહેરબાની કરી દીધી હોય અને ખેડૂતોને મોટો લાભ થઈ જવાનો હોય. હકીકતમાં દેશમાં ડુંગળીનું ઉત્પાદન ૨૩૦ લાખ ટનથી પણ વધારે છે અને દુનિયાના સૌથી વધારે ડુંગળી પકવતા દેશોમાં આપણો દેશ બીજા ક્રમે આવેલો છે. સૌથી વધુ ડુંગળી પકવતા દેશોમાં પ્રથમ ક્રમે ચીનનું સ્થાન છે અને બીજા ક્રમે ભારતનું સ્થાન છે, તેવા સંજોગોમાં ખેડૂતોને માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસની છૂટ આપ્યા બાદ ગુમરાહ કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસથી આપણા દેશના ખેડૂતોને કોઈ જ ફાયદો થવાનો નથી. ડુંગળી પકવતા ખેડૂતોને આ વર્ષે થોડો ફાયદો થાય તેવી આશા બંધાઈ હતી અને દુનિયાના બજારને નજરમાં રાખતા સ્પષ્ટ જણાતું હતું કે આ વખતે ડુંગળી પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે અને લાભ થઈ શકશે, પરંતુ ખેડૂત વિરોધી ભાજપ સરકારે ઓગસ્ટ–૨૦૨૩માં જ ડુંગળીની જે નિકાસ થતી હતી તેના પર ૪૦% એક્સપોર્ટ ડ્યુટી (નિકાસ કર) નાંખી દીધો હતો, જેના કારણે નિકાસ ઉપર વિપરીત અસર થઈ અને ખેડૂતોને જે ભાવ મળવા જોઈતા હતા તે મળતા બંધ થયા હતા. ત્યારબાદ ડિસેમ્બર–૨૦૨૩થી ડુંગળીની સંપૂર્ણ નિકાસબંધી કરી દેવાતા ખેડૂતોની હાલત અત્યંત કફોડી થઈ છે. ડુંગળી ખેડૂત સંગ્રહી ન શકે અને સંગ્રહ કરે તો એ પેરીશેબલ ગુડ્સ (નાશ પામે તેવી સામગ્રી) હોવાના કારણે તેમજ ખેડૂત પાસે માલ સંગ્રહ કરવા આર્થિક ક્ષમતા ન હોય તેમજ કોલ્ડ સ્ટોરેજની સુવિધા ન હોય ફરજિયાત ડુંગળી વેચવી જ પડી છે.

દેશના ખેડૂતોને નિકાસબંધીના કારણે ખૂબ જ આર્થિક નુકસાની ભોગવવી પડી અને ખેતરમાંથી ડુંગળી માર્કેટિંગ યાર્ડ સુધી લઈ જાય અને જે ખર્ચ લાગે તેટલો ખર્ચ પણ વેચાણથી ન મળે તેવી દયનીય પરિસ્થિતિ ઊભી થઈ તેના માટે માત્રને માત્ર ભાજપ સરકાર જ જવાબદાર છે. અનેક ખેડૂતો રોડ પર ઉતર્યા અને ડુંગળીને રોડ પર ફેંકી દેવાની ઘટના બની હતી, આવા સંજોગોમાં માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસની છૂટ હવે આપવાથી ખેડૂતોને કોઈ જ ફાયદો થવાનો નથીકે ખેડૂતોનું કોઈ કલ્યાણ થવાનું નથી. ડુંગળી પકવતા ખેડૂતોને ન્યાય મળે તે માટે સરકાર પાસે માંગણી કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, (૧) તાત્કાલિક અસરથી ડુંગળીની નિકાસબંધી હટાવી લેવામાં આવે. (૨) જે ખેડૂતોએ ઓગસ્ટ–૨૦૨૩થી અત્યાર સુધીમાં ડુંગળી વેચી છે અને સરકારની નીતિના કારણે તેમને જે નુકસાન ગયું છે તેના વળતર સ્વરૂપે તાત્કાલિક પૂરતી સહાય ચૂકવવામાં આવે. (૩) મોટાભાગના ખેડૂતોને ડુંગળીના વેચાણના કારણે જે પાયમાલીની પરિસ્થિતિ પેદા થઈ છે તેમાં રાહત આપવામાં આવે. (૪) જે નિકાસબંધી પર ૪૦% એકસપોર્ટ ડ્યુટી (નિકાસ કર) નાંખવામાં આવેલ તેના કરસ્વરૂપે જે પણ રૂપિયા આવ્યા છે તે ડુંગળી પકવતા ખેડૂતોને સરકારે તાત્કાલિક આપી દેવા જોઈએ. ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે પાકિસ્તાન અને ચીનના ડુંગળી પકવતા ખેડૂતો માલામાલ થયા છે અને ભારતનો ડુંગળી પકવતો ખેડૂત પાયમાલ થયો છે. જેમ ઘોડા નીકળી ગયા પછી તબેલાને તાળા મારવા દોડે તેમ કરોડો રૂપિયાનું નુકસાન ખેડૂતોએ વેઠયા બાદ હવે માત્ર ૩ લાખ મેટ્રિક ટન ડુંગળીની નિકાસની છૂટ આપીને સરકાર જે વાહવાહી કરવા નીકળી છે તે ખેડૂતોની ક્રૂર મશ્કરી સમાન છે.

દુકાનદારોમાં ફફડાટ ફેલાવતી ઘટના

અમરેલીનાં ટાવર ચોકમાં આવેલ પીજીવીસીએલનાં ફયુઝ બોક્ષમાં લાગી આગ

ફાયર ફાઈટરની ટીમે ગણતરીની મિનિટોમાં કાબુ મેળવ્યો



અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરની મધ્યમાં આવેલ ટાવર ચોક પાસે પીજીવીસીએલનાં એક વીજ પોલનાં ફયુઝ બોકસમાં આજે બપોરનાં સમયે અચાનાક આગ લાગવાની ઘટનાં અંગે અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ. અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તુંરત ઘટના સ્થળ પર પહોંચી ડ્રાઈ કેમીકલ પાઉડર (ABC Fire Extinguisher)નો મારો ચલાવી આગ પર કાબુ મેળવેલ હતો. તથા આજુબાજુના દુકાનદારોએ ફાયર ટીમની આ પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ સંપૂર્ણ ઘટનામાં કોઈ જાનહાની થયેલ નથી. આ કામગીરીમાં ફાયર ટીમના પ્રવિણભાઈ ચૌહાણ, સવજીભાઈ ડાભી, કૃષ્ણભાઈ ઓળકીયા, સાગરભાઈ પુરોહિત તથા યોગેશભાઈ કણસાગરા વિગેરે જોડાયા હતા.

નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

કુંકાવાવનાં રામપુર ગામનો એપ્રોચ માર્ગ રૂપિયા ૭૦ લાખનાં ખર્ચે બનાવાશે

વાહન ચાલકો અને ગામજનોમાં ખુશીનો માહોલ

અમરેલી, તા. ૧૯

અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા જે રીતે વિકાસકામો મંજૂર કરાવી લાવી રહ્યાં છે. એવું અગાઉ કયારેય બન્યું નહોતું. આજે અમરેલી જિલ્લાનાં કુંકાવાવ તાલુકાને વધુ એક વિકાસકામની ભેટ મળી છે. રૂપિયા ૭૦ લાખનાં ખર્ચે કુંકાવાવ તાલુકાનાં રામપુરા ગામનો એપ્રોચ રોડ રાજય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે. આ કામ મંજૂર કરવા માટે તેઓ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને અંગત રસ લઈ ભલામણ કરી પૂર્ણ કરવામાં આવશે.

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા

શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ માર્કેટ યાર્ડ, મહુવા રોડ,
મુ. સાવરકુંડલા. જી. અમરેલી.

: લાયસન્સ બાબતે જાહેર સુચના :

આથી સાવરકુંડલા માર્કેટયાર્ડમાં નિયંત્રીત જણસીઓ, કપાસ, તલ, જીરૂ, મગફળી, અનાજ, કઠોળ, વિગેરેનું કમીશન / વેપારી કરતા/ કરવા ઈચ્છતાં સર્વેને જણાવવાનું કે,

(૧)સને ૨૦૨૪/૨૦૨૫નું વર્ષ તા.૧/૪/૨૦૨૪થી શરૂ થતુ હોઈ કમીશન/યુનિફાઈડ વેપારી લાયસન્સ રીન્યુ કરવામાં માટે તા.૨૧/૨/૨૦૨૪ થી તા.૨૯/૨/૨૦૨૪ સુધીમાં (રજાના દિવસો સિવાય) અરજીઓ કરવાની રહેશે.

(૨) યુનીફાઈડ વેપારી લાયસન્સ નાયબ નિયામકશ્રી, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર અને જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ સ.મં.અમરેલી દ્વારા મંજુર/રીન્યું થશે. જેની ખાસ નોંધ લેવી. લાયસન્સ રીન્યુ / ઈશ્યું માટે નિયત નમુનાની લાયસન્સ અરજી સાથે નકકી કરેલ સાધનીક કાગળો, લાયસન્સ ફી ભર્યાની રસીદ સાથે વધારનાં મુખ્યત્વે (૧)જી.એસ.ટી.ની વિગતો, (૨)પાનકાર્ડ, (૩)આધારકાર્ડ તથા (૪) તોલમાપ ખાતાનું લીધેલું લાયસન્સ રજીસ્ટ્રેશનના સાધનીક કાગળો રજુ કરવાનાં રહેશે.

(૩)લાયસનસ અરજી સાથે સંબંધીત વેપારીએ તેમજ ભાગીદારી પેઢીએ અધિકૃત ભાગીદારોના ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા પાછળ નામ લખી રજુ કરવાના રહેશે. (૪) લાયસન્સ રીન્યું કરાવવાની અરજી સાથે વર્ષ–૨૦૨૩–૨૪ માટે આપેલ કમીશન / યુનિવફાઈડ વેપારી લાયસન્સની નકલ રજુ કરવાની રહેશે.

(૫) ભાગીદારી પેઢીએ લાયસન્સ અરજી સાથે ભાગીદારી દસ્તાવેજની નકલ રજુ કરવાની રહેશે. (૬) લાયન્સ રીન્યુ કરાવવાની અરજી સાથે પેઢી / વ્યકિતનું પાનકાર્ડ, રહેઠાણના સરનામાંનાં આધાર /પ્રુફ રજુ કરવાના રહેશે. (૭) લાયસન્સ રીન્યુ કરાવવાની અરજી સાથે પેઢી/વ્યકિતએ ચાલુ વર્ષમાં તા.૧૪/૨/૨૦૨૪ સુધીમાં કરેલ ખરીદ વેચાણના આધાર, વાર્ષિક હિસાબો, ખરીદ–વેચાણ ખાતુ અને બજાર સમિતિ સાવરકુંડલામાં ભરેલ માર્કેટ ફીની વિગતો રજુ કરવાની રહેશે. (૮) કમીશન / યુનીફાઈડ વેપારી લાયસન્સ મેળવવા / રીન્યુ કરવાની અરજી અમારા ઉપરોકત સરનામે રૂબરૂ આવી કરવાની રહેશે. (૯) જેની પાસે માર્કેટ ફી કે બજાર સમિતિ સાવરકુંડલાનું અન્ય કોઈ લ્હેણું બાકી હશે તેવા બાકીદારોની લાયસન્સ માંગણી સ્વીકારવામાં આવશે નહી. અધુરી વિગતો કે ચેકચાક થયેલ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. (૧૦) સહકારી સંસ્થાઓ છેલ્લા ત્રણ વર્ષના ખરીદ–વેચાણનાં હીસાબી પત્રકો તથા ભરેલ માર્કેટ ફી ની વિગત, છેલ્લા ઓડીટ અહેવાલની નોંધ રજુ કરવાની રહેશે.

દિપકભાઈ કે.માલાણી	**મહેશભાઈ એમ. લખાણી**	**જે.વી. માલાણી**
ચેરમેનશ્રી	વાઈસ ચેરમેનશ્રી	સેક્રેટરીશ્રી

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા

પેપર લીક બાબતે આપ નેતા પ્રવિણ રામની પ્રતિક્રિયા

ભાવનગર ખાતે NCC સર્ટિફિકેટનું પેપર લીક થયુ છે તે સરકાર માટે શરમજનક ઘટના

ભાજપ સરકારને પેપર લીકનું વ્યસન થયું છે

અમરેનલી, તા.૧૯

ગુજરાતમાં પેપર લીક થવા એ સામાન્ય બાબત બની ચૂકી છે, ભૂતકાળમાં ભાજપના શાસનમાં મોટાભાગની પરીક્ષાઓના પેપર લીક થયા છે,જયારે પેપર લીક ત્યારે સરકાર આવી પોતાનો લુલો બચાવ કરે છે અને હવે આવી ઘટના નહિ બને એવો વિશ્વાસ અપાવે છે પરંતુ આ વિશ્વાસ વધારે લાંબો સમય ચાલતો નથી, થોડા ટાઈમ પછી ફરી પેપર લીક થવાની ઘટના સામે આવીને ઊભી જાય છે, પેપર લિંકની ઘટનાઓને રોકવા માટે ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા પેપર લીક બાબતે કડક કાયદો લાવી પેપર લીક કરનારને ૧૦ વર્ષની સજા અને ૧ કરોડનો દંડની સર્ચાઓ કરવામાં આવી ત્યારબાદ એવું લાગતું હતું કે હવે કદાચ પેપર લીકની ઘટના નહી બનેપરંતુ હાલ સમાચાર મળ્યા કે ભાવનગર ખાતે એન.સી.સી. સર્ટિફિકેટ નું પેપર લીક થયું છે અને એમના કારણે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી. ત્યારે આ તકે આપ નેતા પ્રવીણ રામે ભાજપ સરકારને આડેહાથ હાથ લેતા ભાજપ સરકાર ઉપર અનેક આક્ષેપો કર્યા, આ બાબતે પ્રવીણ રામે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે ભાવનગરમાં ફરીવાર પેપર ફૂટવાની ઘટના સરકાર માટે શરમજનક છે, આ રીતે વારંવાર પેપર ફૂટવાની બાબતને લઈને જાણે એવું લાગી રહ્યું છે કે આ ભાજપની સરકારને પેપર ફોડવાનું વ્યસન થઈ ગયું હોય, કોઈ વ્યસની માણસને વ્યસન મૂકવા માટે વડીલો ગમે તેટલી ટકોર કરે તો પણ તે વ્યસન મૂકી શકતો નથી એમ આ ભાજપની સરકારને આ પેપર લીક બાબતે ગુજરાતના યુવાનો, વડીલો અને તમામ સમાજો દ્વારા ગમે તેટલા સમજાવવામાં આવે તો પણ ભાજપ વ્યસન મૂકી શક્તિના હોય એમ ફરી પેપર ફૂટે, ફરી પેપર લીક થાય, જાણે એવું લાગે કે ભાજપને પેપર ફોડવામાં મજા આવતી હોય. ત્યારબાદ વધુમાં આપ નેતા પ્રવીણ રામે જણાવ્યું કે સરકાર દ્વારા પેપર લીક બાબતે ૧૦ વર્ષ જેલની સજા અને ૧ કરોડનો દંડના કાયદાનો મતલબ શું ?? આવા કાયદા પછી પણ સરકાર જો પેપર લીકની ઘટનાને ના રોકી શકતી હોય તો ગમે તેવા કાયદા બને એમનો કોઈ મતલબ નહી, કારણ કે મહત્વનું છે કે પેપર લીકની ઘટના અટકવી જોઈએ પરંતુ એ ના અટકી શક્તિ હોય તો ભાજપ સરકારે સ્વૈચ્છિક રાજીનામું આપી દેવું જોઈએ એવું પણ આપ નેતા પ્રવીણ રામે જણાવ્યું.

બગસરામાં સથવારા સમાજ દ્વારા ૨૫ મો સમૂહલગ્ન યોજાયો

તસ્વીર : સમીર વિરાણી – બગસરા

આ કાર્યક્રમમાં માજી કૃષિ મંત્રી દીલીપભાઈ સંઘાણીએ હાજરી આપેલ તેમજ અમર ડેરી ચેરમેન અશ્વીનભાઈ તેમજ ધારાસભ્ય જે.વી. કાકડીયાના ધર્મપત્ની કોકિલાબેનએ પણ હાજરી આપેલ. આ કાર્યક્રમમાં ૬ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલાં પડેલ. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્રના સથવારા સમાજના અગ્રણીઓએ પણ હાજરી આપેલ અને નવદંપતિને આશીર્વાદ આપેલ હતા અને પધારેલ મહેમાનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ અને કાર્યક્રમ માં દીપ પ્રાગટય કરી કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. સથવારા સમાજના ટ્રસ્ટીઓ આગેવાનો હાજર રહ્યા હતા.

સાવરકુંડલાની ૩ વર્ષની બાળકી રમતા રમતા સિક્કો ગળી જતાં

અમરેલીની રાધિકા હોસ્પિટલનાં મહિલા તબીબે ૧ રૂપિયાનો સિક્કો ગળામાંથી બહાર કાઢી દીધો

રવિવારે બપોરે ૧૨ વાગ્યે બાળકીનાં પરિવારજનો હોસ્પિટલે મોટી આશા સાથે પહોંચ્યા

ડો. શાનુ ખેર અને તેની ટીમે પળનોય વિલંબ કર્યા વગર બાળકીની સારવાર શરૂ કરી

બાળકીનાં ગળામાં કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તેને ધ્યાને લઈને દુરબીન ઉતારીને સિક્કો બહાર કાઢયો

બાળકીનાં પરિવારજનોએ મહિલા તબીબ, તેની ટીમ અને હોસ્પિટલ મેનેજમેન્ટનો આભાર માન્યો

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલા ગામે રહેતી એક ૩ વર્ષીય બાળકીના ગળામાં ફસાયેલ રૂપિયાના સિક્કાને દૂરબીનની મદદથી અમરેલીની રાધિકા હોસ્પિટલ (ગોળ દવાખાના)ના ડોકટરે ભારે જહેમત બાદ રૂપિયાના સિક્કાને ગળામાંથી સલામત રીતે બહાર કાઢવામાં આવતા બાળકીનો જીવ બચી જવા પામ્યો હતો. જેને લઈ બાળકીના પરિવારે પણ હાશકારો અનુભવ્યો હતો.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર સાવરકુંડલા ગામે રહેતી એક ૩ વર્ષીય બાળકી રમતા રમતાં અચાનક જ ૧ રૂપિયાનો સિક્કો ગળી ગઈ હતી. જેને પગલે તેને તાત્કાલિક સારવાર અર્થે અમરેલીની રાધિકા હોસ્પિટલ (ગોળ દવાખાના) ખાતે ખસેડવામાં આવી હતી અને રવિવારે બપોરના ૧૨ વાગ્યાના સમય

અનુસંધાન પાના ૬ ઉપર



ધારીથી દવા લઈને ગામ તરફ જતી વેળા

ધારીનાં દલખાણીયા ગામનાં યુવકનું માર્ગ ઉપર પડી જવાથી મોત નિપજયું

રાજકોટ ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૧૯

ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતા સંજયભાઈ નાનજીભાઈ કડેવાળ નામનાં ૩૧ વર્ષિય યુવક ગત તા. ૧૬ના રોજ તેના પિતાજીની આંખની દવા લેવા ધારી ગામે આવેલ સરકારી દવાખાને સાથે ગયેલ હતા અને તેમના પિતાજી દવા લઈ પરત દલખાણીયા આવી ગયેલ હતા. જયારે યુવક ખરીદી કરવા માટે થઈ ધારી ખાતે રોકાયેલ હોય અને યુવકને દારૂ પીવાની ટેવ હોય તે ખરીદી કરી પરત દલખાણીયા ગામે આવતા અને દલખાણીયા ગામ નજીક આવેલ કાપેલધાર પાસે રોડ ઉપર યુવક ચાલીને જતા અકસ્માતે યુવક પડી જતા તેમને માથાની પાછળના ભાગે ડાબી સાઈડમાં ગંભીર ઈજા થતા કાનમાંથી લોહી નીકળી ગયેલ. જેથી યુવકને પ્રથમ ધારી સરકારી દવાખાને બાદ અમરેલી સિવિલમાં સારવાર બાદ વધુ સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં લઈ ગયેલ અને સારવાર દરમ્યાન સંજયભાઈ નાનજીભાઈ કડેવાળ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

૨ પુત્ર અને ૧ પુત્રીએ પિતાની છત્રાછાયા ગુમાવી

રાજુલાનાં પ્રૌઢનું માર્ગ અકસ્માતમાં અઠવાડીયાની સારવાર બાદ મોત થયું

બાઈક સવાર પ્રૌઢને અજાણ્યા વાહનચાલકે હડફેટે લીધા હતા

અમરેલી, તા. ૧૯

અમરેલીનાં રાજુલા બસ સ્ટેશન પાસે "હિટ એન્ડ રન" બનાવમાં બાઈકલઈનેજઈ રહેલા પ્રૌઢનેઅજાણ્યા બાઈકનાં ચાલકે હડફેટે લેતા પ્રૌઢનું સારવાર દરમિયાન રાજકોટની સિવિલ હોસ્પિટલમાં મોત નિપજયું હતું.

મળતી વિગત મુજબ રાજુલામાં રહેતા કિશોરભાઈ પરશોતમભાઈ જાની (ઉ.વ. ૫૭) ગત તા. ૧૧ નાં રોજ રાત્રે પોતાનું બાઈક લઈને જતા હતા ત્યારે બસસ્ટેશન પાસે અજાણ્યા બાઈકનાં ચાલકે હડફેટે લેતા પ્રૌઢ ફંગોળાઈ જતા તેને માથા તથા શરીરે ઈજા થઈ હતી. અકસ્માત સર્જી ચાલક બાળકને લઈને ભાગી ગયો હતો. બનાવ બનતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. બાદ કિશોરભાઈને સારવાર માટે રાજુલા બાદ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા ત્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. મૃતક કિશોરભાઈ ત્રણ ભાઈ, એક બહેનમાં વચેટ હતા. તે ફરસાણનો વેપાર કરતા હતા.

આ બનાવ અંગે રાજુલા પોલીસે તપાસ હાથ ધરી છે. બે પુત્ર અને એક પુત્રી પિતાની છત્રાછાયા ગુમાવતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

ગત્ તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૧૨નાં રોજ

લાઠીના ભાલવાવ ગામે પ્રેમિકાના પતિની હત્યા કરનાર આરોપીને આજીવન કેદની સજા

સરકારી વકીલ જે.બી. રાજગોરની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૯

લાઠી તાલુકાના ભાલવાવ ગામે રહેતા એક આરોપીએ તેમના મિત્રને આજથી બાર વર્ષ પહેલાં ભાલવાવ ગામની સીમમાં લઈ જઈ અને પૈસાની લેતી દેતી તથા પોતાના મિત્રની પત્નિ સાથે આ આરોપીને એક તરફી પ્રેમ હોય, તેથી પોતાના મિત્રનું

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal
ICE CREAM

WE ARE HIRING!
Job Location : Amreli

MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)

WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm

APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com

SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

અમરેલીનાં જાળીયા ગામે વ્હેલી સવારે વાડી વિસ્તારમાં બની ઘટના

અને દીપડાનાં કાળમુખા મોં માંથી છટકી જતાં ૭ વર્ષિય નિર્દોષ બાળકની જીંદગી બચી ગઈ

ઈજાગ્રસ્ત થયેલ બાળકને સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યો

અમરેલી, તા. ૧૯

અમરેલીતાલુકાનાજાળીયા ગામેઆજેવહેલીસવારેવાડીવિસ્તારમાં ચાર પગાપ્રાણીએઆંતકમચાવ્યોહતો જેમાં પોતાના પરિવાર સાથે સુતેલા મપ્રયપ્રદેશના વતની એવા પરપ્રાંતિય પરિવારનામજુરનાબાળકપરદીપડાએ હુમલો કરી ૭ વર્ષના બાળકને મોં માં દબાવી અને દીપડો ઉઠાવી ગયો હતો. પરંતુ સાત ફુટ જેટલી ઉંચી કાંટાની વાડ દીપડોઠેકવાજતાંદીપડાનામોંમાંરહેલા બાળકનીચેપડીજતાંઅનેઅનેબાળકની રાડારાડથીપરિવારજનોજાગીજતાંઅને આબાળકનેબચાવવાદીપડાનીપાછળ દોટમુકતાદીપડોનાસીછૂટયોહતો.

આ બનાવમાં જાણવા મળતીવિગતમુજબઅમરેલીતાલુકાના જાળીયા ગામે આવેલ કિશોરભાઈ ઠુંમરનીવાડીમાંરહેતોપરિવારસુતોહતો ત્યારે આજે વહેલી સવારે લગભગ બે વાગ્યાનાસમયેઆવાડીવિસ્તારમાંચાર પગાપ્રાણીદીપડોબિલ્લીપગેઘુસીઆવ્યો હતો. અને આંતક મચાવ્યો હતો. જેમાં પોતાના પરિવાર સાથે સુતેલા મપ્રયપ્રદેશના વતની એવા પરપ્રાંતિય પરિવારના મજુરના બાળક પર દીપડાએહુમલોકરીઅજયરાજુભાઈ અજનાર નામનાં ૭ વર્ષના બાળકને મોં માંદબાવીઅનેદીપડોઉઠાવીગયોહતો.

અનુસંધાન પાના ૬ ઉપર

સગીરાનાં ઘરમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી

દામનગરનાં નયનેશ નામનાં યુવકે સગીરા સાથે દુષ્કર્મ કરતાં ફરિયાદ

પોલીસે આરોપી યુવકની અટકાયત કરી

અમરેલી, તા. ૧૯

દામનગર ગામે રહેતા નયનેશ હરેશભાઈ ત્રીવેદી નામનાં આરોપીએ તે જ ગામે રહેતી એક ૧૪ વર્ષ અને ૯ માસની ઉંમર ધરાવતી સગીરાને લલચાવી ફોસલાવી, તેણી સાથે છેલ્લા ૪ માસ દરમ્યાન અવારનવાર શરીરે અડપલા કરી તથા સગીરાના ઘરમાં ગેર કાયદેસર ગૃહ અપ પ્રવેશ કરી ભોગ બનનાર સાથે શરીર સંબધ બાંધી પ્રવેશ જાતિય તથા જાતીય હુમલો કરી દુષ્કર્મ (બળાત્કાર) કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાતા પોલીસે આરોપીને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

Since 1986
બાલમુકુંદ
જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ
હોલમાર્ક દાગીનાનો
ભાવ (૧૦ ગ્રામ)
54,990/-
અમરેલી
વધુ માહિતી માટે
૬૩૫૨૪ ૩૧૩૬૬

SAMSUNG
સ્માર્ટ બનો,
સ્માર્ટ ખરીદો.
સેમસંગ ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ
પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો
માત્ર એક જ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી
વિશ્વસનીય અને
પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૭૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

NCT CANDOR
IVF CENTER (ટેસ્ટટયુબ સેન્ટર)
હવે...તમારા ઘરે પણ ગુંજશે
ખુશીઓની કિલકારી...
એકમાત્ર અમરેલી જીલ્લાનુ
IVF CENTER
(ટેસ્ટ ટયૂબ બેબી સેન્ટર)
ડો. ચેતના મુરારકર
M.B.B.S., DGO
(Laparoscopic Surgeon & IVF Specialist)
ડો. જયદેવ ધામેલીયા
MSDGO
IVF Specialist
(14 years Experience)
કોણ લાભ લઈ શકે ?
મહિલા
- બંધ ટયૂબ.
- વારંવાર IUI માં નિષ્ફળતા.
- અનિયમિત માસિક.
- ગર્ભાશયમાં ગાંઠ હોવી (PCOD).
પુરુષ
- ઓછા શુક્રાણુ.
- શુક્રાણુઓની ઓછી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા.
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
☎ 99253 94276 | 99789 66629

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)